RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 224, Dt.09-12-2024 Monday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# માળીયાના ભંડુરી ગામ પાસે બે કાર વચ્ચે અકસ્માતઃ પાંચ વિદ્યાર્થી સહિત ૭ના મોત

## વહેલી સવારે સોમનાથ – જેતપુર હાઈવે પર પુલના વળાંકમાં દુર્ઘટના : એક કાર રોડથી ઉતરી જતા ઝુંપડું પણ સળગ્યું – બાળકીનો બચાવઃ મૃતદેહ માળીયાહાટીનાનાં દવાખાને ખસેડાઈ

**મુખ્ય સમાચાર,જૂનાગઢ**

જૂનાગઢ-વેરાવળ હાઈવે પર માળીયાહાટીનાનાં ભંડુરી ગામ પાસે બે મોટર કાર વચ્ચે ગંભીર અકસ્માત સર્જાતા પરીક્ષા આપવા જઈ રહેલા પાંચ વિદ્યાર્થી સહિત સાત લોકોના મૃત્યુ થયાનો કરૂણ બનાવ બન્યો છે. આ અકસ્માત બાદ બાટલો ફાટતા બન્ને સીએનજી કાર સળગી ગઈ હતી અને તે પૈકીની એક કાર નજીકમાં ઝુંપડામાં ઘુસી ગઈ હતી.

આ બનાવમાં મોડે સુધી મૃતકોની ઓળખ થઈ નથી. પરંતુ પોલીસ સહિતના તંત્રએ સ્થળ પર પહોંચી આગ કાબુમાં લેવડાવી છે. અકસ્માત બાદ કાર લોક થઈ જતા કોઈ વ્યકિત બહાર નીકળી શકયા ન હતા. તમામ મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે માળીયા હાટીનાની હોસ્પિટલે ખસેડાયા છે. એક કાર ડીવાઈડર કુદીને સામેથી આવતી બીજી કાર સાથે અથડાતા અકસ્માત થયો હતો અને ફાયર તથા એમ્બ્યુલન્સ ટીમે પોલીસ સાથે દોડી મૃતકોને હોસ્પિટલે ખસેડયા હતા. બનાવની જાણ થતા સ્થળ પર લોકોના ટોળેટોળા એકઠા થઈ ગયા હતા.આ કરૂણ બનાવની વિગત મુજબ માળીયાના ભંડુરી ગામ નજીક બે કાર સામ સામે અથડાતા પાંચ વિદ્યાર્થીઓ સહિત ૭ના મોત થયા હતા. કાર ડીવાઈડર ડેકીને રોંગ સાઈડમાં કાર સાથે ધડાકાભેર અથડાઈ હતી. જેમાંની કાર રોડની સાઈડમાં ઝુંપડા બાંધીને રહેતા પરપ્રાંતિયના ઝુંપડા સળગ્યા હતા. એક બાળકી દોડીને બહાર નીકળી ગઈ હતી. બન્ને કાર ગેસ કીટની હોવાની ચર્ચા ઉઠી છે. વહેલી સવારે સાત સાડા સાતના સુમારે માળીયા હાટીનાનાં ભંડુરી ગામ નજીક બે કાર વચ્ચેના અકસ્માતમાં ૭ શખ્સોના મોત નોંધાયા છે. રોડની બાજુમાં સાઈડ ઉપર ઝુંપડા બાંધીને રહેતા પરપ્રાંતિય મજુરોના ઝુંપડા સળગી જવા પામ્યા છે. જેમાં એક દિકરી દોડીને બહાર નીકળી જતા બચી જવા પામી હતી.

મળતી વિગત મુજબ શેરીયાખાણુ અને જાડુના ગામના રહેતા શખ્સો એક હોન્ડાઈ કાર અને



સેલરીયા ગાડી વચ્ચેના અકસ્માતમાં એક ગાડી કેશોદ તરફથી પુરપાટ ઝડપે આવી રહી હતી જયારે એક કાર ચોરવાડ તરફથી આવી રહી હતી. ત્યારે ભંડુરી ગામ નજીક પુલ પાસેના વળાંકમાં સેલરીયા કારના ચાલકે સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવતા વળાંક ન લઈ શકતા ડીવાઈડર ટપીને કાર હોન્ડાઈ કાર સાથે ધડાકારભેર અથડાતા બન્ને કારમાં આગ લાગી જવા પામતા બન્ને કાર સળગી ઉઠી હતી. સેલરાઈ કાર રોડ પરની નીચે ઉતરીને રોડની સાઈડમાં ઝુંપડા બાંધીને રહેતા પરપ્રાંતિય મજુરોના ઝુંપડામાં આગ લાગી જવા પાપતા શ્રમજીવીઓ જીવ બચાવીને નીકળી ગયા હતા. અંદર સુતેલ એક દિકરી મહામહેનતે તેનો જીવ બચાવીને બહાર નીકળી જવા પામી હતી. ઝુંપડા બળીને ખાખ થઈ જવા પામ્યા હતા. બનાવમાં ઘટના સ્થળે પાંચ વિદ્યાર્થીઓ સહિત ૭ના કરૂણ મોત થવા પામ્યા છે. ઘટના સ્થળે માળીયા પીએસઆઈ સુમરા પીએસઆઈ માંગરોળ ડીવાયએસપી કોડીયાતર સહિતના પહોંચી ગયા છે. એસપી હર્ષદ મહેતા સતત જાત માહિતી મેળવી રહ્યા હોવાનું જાણવા મળી રહ્યું છે. અકસ્માત થયેલ બન્ને કાર ગેસની કીટ વાળી હોવાના કારણે આગ લાગી જવા પામતા ભડથું થઈ જવા પામી છે.

### અકસ્માતમાં હતભાગી મૃતકોના નામ

માળીયાના ભંડુરી ગામ નજીક બે કાર નં. જીજે ૧૧ સીડી ૩૦૬૪ અને જીજે ૧૧ એચ ૪૪૧૬ ટકરાઈ સળગી જતા રાજકોટના એક વ્યકિત સહિત ૭નાં મોત થયા છે. વિનુ દેવશીભાઈ વાળા (ઉ.૩૫) રે. જાનુડા (માળીયા), નિકુલ વિક્રમભાઈ કુવાડીયા (ઉ.૨૫) (રે. માણેકવાડા તા.કેશોદ), ઓમ રજનીકાંત મંગરા (રે. સોમનાથ સોસાયટી તુલસીનગર રાજકોટ), રાજુ કાનજીભાઈ ખુંટણ (ઉ.૪૦) (રે. ડાભોર તા.વેરાવળ) ધરમ વિજયભાઈ ગોલ (રે.જુનાગઢ) મતૃકોની ઓખળ થઈ હતી.

# દિલ્હીની ૪૦ શાળાઓમાં બોમ્બની ધમકી : અફડાતફડી

## બે માસ બાદ ફરી શાળાઓ ભયના ઓથાર હેઠળઃ તમામને એક સરખા ઈ–મેલ મળ્યાઃ ખંડણી મંગાઈ

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

દેશમાં એરલાઈનથી હોટલો અને અન્ય મહત્વના સ્થળો પર બોમ્બ રખાયા હોવાની ધમકીઓના દૌટ બાદ ફરી એક વખત પાટનગર દિલ્હીમાં શાળાઓમાં બોમ્બ રખાયા હોવાના ધમકીભર્યા ઈ–મેલમાં આજે દિલ્હી પબ્લીક સ્કુલ સહિતના નામાંકીત ગણાતી ૪૦ જેટલી શાળાઓમાં બોમ્બની ધમકી મળતા જ જબરો હડકંપ મચી ગયો હતો.

તમામ શાળાઓમાં શૈક્ષણિક કાર્ય બંધ કરાવીને બાળકોને પરત મોકલી દેવાયા બાદ દિલ્હી પોલીસની બોમ્બ નાશક ટુકડીમાં ધમકી મળી છે તે એક એક શાળા ઈમારતોની તલાશી લઈ રહી છે. દિલ્હી પોલીસના જણાવ્યા મુજબ પુર્વ અને પશ્ચિમ બિહારની ૪૦ જેટલી શાળાઓને વહેલી સવારે એક સમાન ઈ–મેલમાં શાળા ઈમારતોએ બોમ્બ હોવાની ધમકી આપી હતી.

આ શાળાઓમાં આર.કે.પુરમની દિલ્હી પબ્લીક સ્કુલ, જી.ડી.ગોયન્કા પબ્લીક સ્કુલ, મધર ડેરી સ્કુલ, બ્રિટીશ સ્કુલ, સલવાન પબ્લીક સ્કુલ સહિતની સ્કુલોમાં આ ધમકી મળી હતી. જેના પગલે સ્કુલ સતાવાળાઓએ તુર્તજ બાળકોને શાળા વર્ગની બહાર લઈ જઈને સલામત કર્યા હતા અને વાલીઓને ફોન કરીને બાળકોને લઈ જવા જણાવાયુ હતું.

તમામ શાળાઓને લગભગ એક સમાન ઈ–મેલમાં ધમકી આપનારે જણાવ્યુ હતું કે એ શાળા–ઈમારતની અંદર અનેક બોમ્બ રાખ્યા છે અને તે નાના બોમ્બ ખૂબજ સારી રીતે છુપાવીને રાખવામાં આવ્યા છે જેથી ઈમારતને વધુ નુકસાન થશે નહી પરંતુ બોમ્બ ફાટવાથી અનેક લોકો ઘાયલ જરૂર થઈ જશે. જો મને ૩૦૦૦૦ ડોલર આપવામાં નહી આવે તો હું બોમ્બ વિસ્ફોટ કરી આપીશ. અગાઉ પણ દિલ્હી સ્કુલોને બોમ્બની ધમકી મળી છે.બોમ્બની ધમકી આપનારે તેના ઈ–મેલમાં શાળા ઈમારતની અંદર બોમ્બ ગોઠવ્યા હોવાની ધમકીમાં જણાવ્યું હતું કે ઈમારતને બહું નુકશાન થશે નહી પણ તમો બધા પિડા અનુભવશો અને વેગ ગુમાવશો. આ ધમકી માટે E2=80=9CKNR>=E2=80=9D



જવાબદાર હોવાનું જણાવ્યું હતું.પાટનગર અને તેના આસપાસના ક્ષેત્રોમાં હાલમાંજ જે રીતે ઓછી તીવ્રતાવાળા વિસ્ફોટ થયા છે તેમાં પોલીસ તપાસમાં હજુ કોઈ સફળતા મળી નથી. પ્રશાંત વિહારમાં એક મીઠાઈની દુકાન પાસે થયેલા વિસ્ફોટ મધ્યમ તિવ્રતાનો હતો જેમાં એક વ્યક્તિ ઘાયલ થયા હતા. તો આ જ ક્ષેત્રમાં સીઆરપીએફ સ્કુલની દિવાલ પાસે જ જોરદાર વિસ્ફોટ થયા હતા પણ બંને ઘટનામાં કોઈ આરોપીને ઝડપી શકયા નથી. પોલીસને મીઠાઈની દુકાન પાસેના વિસ્ફોટમાં ટાઈમર, ડિટોનર્સ, બેટરી, ઘડીયાળ મળ્યા હતા તથા વિસ્ફોટમાં નાઈટ્રેટ અને હાઈડ્રોજન પેરાકલાઈડ કેમીકલનો ઉપયોગ થયો હતો.

# ગુજરાતમાં દર બે મીનીટે રૂા.૬૪૭૨નો ટ્રાફિક ચલણ દંડ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

ગુજરાતમાં ટ્રાફીક ભંગ મામલે થતા આડેધડ દંડ મામલે વખતોવખત સર્જાતા ઉહાપોહ વચ્ચે રાજયમાં ચાર વર્ષમાં ૩૩.૪ લાખ ચલણ મારફત ૬૮૦ કરોડનો ટ્રાફીક દંડ ફટકારવામાં આવ્યો છે. સમગ્ર દેશમાં ગુજરાત ચોથા સ્થાને છે દર બે મીનીટે ત્રણ ટ્રાફીક ચલણ ઈસ્યુ થયા હતા અને તેમાં રૂા.૬૪૭૨ રૂપિયાનો દંડ ફટકારાયો હતો. લોકસભામાં રજુ થયેલા રીપોર્ટ પ્રમાણે ૨૦૧૯ થી ૨૦૨૩ માં ગુજરાતમાં ૩૩.૪ લાખ ટ્રાફીક ચલણ ઈસ્યુ થયા હતા.દંડની રકમ ૬૮૦ કરોડ હતી. પ્રતિ ચલણ દંડની રકમ ૨૦૪૨ થવા જાય છે. પ્રતિ ચલણ દંડની રકમમાં સૌથી વધુ બિહાર મોખરે છે.જયાં પ્રતિ ચલણ સૌથી વધુ ૩૨૩૪ નો દંડ ફટકારાયો હતો. મહારાષ્ટ્રમાં પ્રતિ ચલણ ૨૦૫૪ તથા રાજસ્થાનમાં પ્રતિ ચલણ દંડની રકમ



૨૩૮૦ થવા જતી હતી.

નિષ્ણાંતોનાં કહેવા પ્રમાણે વર્ષે ૧૭૦ કરોડના ટ્રાફીક દંડથી રાજય સરકારનો એક નાનો પ્રોજેકટ પુરા થઈ શકે મોટાભાગનાં ટ્રાફીક ચલણ મહાનગરોમાં ઈસ્યુ થયા છે જયાં માર્ગો પર સીસીટીવી નેટવર્ક છે.

ટ્રાફીક સલાહકાર સમિતિનાં ડો.પ્રવિણ કાનાબારે જણાવ્યું હતું કે, વાસ્તવમાં ટ્રાફીક નિયમોનો ભંગ કરતા વાહન ચાલકોનો આંકડો ઘણો મોટો થાય છે.પરંતુ રેન્ડમ ધોરણે અલગ ઈસ્યુ થતા હોય છે. સિગ્નલ ભંગ, રોંગ સાઈડ, વાહન ચલાવવા હેલ્મેટ ન પહેરવા સહીતના નિયમોનો ભંગ થતો જ રહે છે. તમામે તમામ વાહન ચાલકોને પકડવા ઈન્ફ્રાસ્ટ્રકચર કે માનવબળ પણ નથી. હકીકતમાં લોકે સ્યંમ શિસ્ત કેળવીને કાયદાનું પાલન કરતા થાય તો જ નિયમ ભંગ અટકી શકે આ લોકોની સુરક્ષાની વાત છે.


# અસદે ઉચાળા ભર્યા બાદ સિરીયામાં આઈએસના ઠેકાણાઓમાં અમેરિકાનાં હુમલા

**મુખ્ય સમાચાર,વોશીંગ્ટન**

બાંગ્લાદેશ બાદ વધુ એક દેશમાં તખ્તાપલટ થયો છે. સીરિયામાં ગઈકાલે થયેલા તખ્તાપલટ બાદ દેશના રાષ્ટ્રપતિ બશર અલ અસદ સીરિયાને છોડીને રશિયામાં શરણ લીધુ છે જેને લઈને મિડલ ઈસ્ટના રાજકારણ પર ઉંડો પ્રભાવ પડવાનું અનુમાન છે.હાલ સિરીયાની હાલત બદતર થઈ ગઈ છે. દેશનાં મોટાભાગમાં અને રાજધાની સહીત મોટા શહેરો પર હવે જેહાદી વિદ્રોહીનો કબ્જો થઈ ગયો છે.વિદ્રોહી દ્વારા દેશ છોડવા માટે સંસદના મજબુર થવાના કલાકોમાં અમેરિકાએ રવિવારે સીરિયાનાં આઈએસઆઈએસનાં ડઝનબંધ ઠેકાણાઓને નિશાન બનાવ્યા હતા.

અમેરિકાનાં રાષ્ટ્રપતિ જો બાઈડને જણાવ્યું હતું કે અમને એ વાતની સ્પષ્ટ જાણકારી છે કે ઈસ્લામીક સ્ટેટ ચરમપંથી સમુહ કે જે આઈએસ તરીકે પણ જાણીતુ છે. સીરિયામાં ખુદને ફરી સ્થાપિત કરવા માટે તમામ પરિસ્થિતિનો ફાયદો ઉઠાવવાની કોશીશ કરશે પણ અમે એવુ નહીં થવા દઈએ.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, તેમની સેનાએ રવિવારે સીરિયામાં આઈએસઆઈએસ વિરૂધ્ધ હુમલા કર્યા હતા જેની પુષ્ટી અમેરીકી સેનાએ કરી હતી કે તમેના લડાયક વિમાનોએ ઈસ્લામીક સ્ટેટનાં આતંકવાદીઓ અને તેમના ઠેકાણાઓને નિશાન બનાવ્યા હતા. ઈસ્લામીક ટુકડીનાં લડાયકો સાથે લડવા માટે અમેરિકાએ દક્ષિણ પૂર્વ એશીયામાં લગભગ ૯૦૦ સૈનિકોની તૈનાતી કરી છે. બાઈડને જણાવ્યું હતું કે અસદ શાસનનું પતન ન્યાયનું એક



મૌલીક કાર્ય છે. આ સીરિયાનાં લાંબા સમયથી પીડીત લોકો માટે ઐતિહાસીક અવસર છે. સીરીયાનાં પદભ્રષ્ટ રાષ્ટ્રપતિ અલ અસદ અને તેમનો પરિવાર કથીત રીતે મોસ્કો પહોંચ્યો છે તેમને રશીયન રાષ્ટ્રપતિ પુતિને શરણ આપી છે. સીરીયામાં છેલ્લા કેટલાય દિવસોથી વિદ્રોહી જુથો અને સેના વચ્ચે કબજાને લઈને લડાઈ ચાલતી હતી આખરે સરકાર ઈસ્લામવાદી હયાત અલ શામ સમુહ (એચટીએચ) સમુહ દ્વારા અસલ પરિવારની પાંચ દાયકાથી વધુ શાસનનો પડકાર આપવાના ૧૧ દિવસ બાદ અસદની સરકાર ભાંગી પડી હતી. વિદ્રોહી લડાયકોએ રાજધાની દમિશ્ક પર પોતાનો કબજો કરી લીધો હતો તેઓ માર્ગો પર ગોળીબાર કરીને જીતનો ઉત્સવ ઉજવી રહ્યા છે.

# રાજકોટમા ઠંડીનો ચમકારો : લઘુતમ તપામનનો પારો ૪ ડીગ્રી ગગડી ૧૧.૮ ડીગ્રી, ૮ કિમીની ઝડપે પવન ફૂંકાયો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

ડીસેમ્બરનું એક અઠવાડિયુ વીતી ગયું હોવા છતાં હજુ શિયાળાએ પોતાની અસર જોઈ એવી નથી બતાવી પરંતુ સોમવારથી ઠંડીનો ચમકારો અનુભવાશે તેવી આગાહી કરવામાં આવી હતી ત્યારે આગાહીના પગલે રાજ્યના અનેક શહેરોમાં ઠંડીનો પારો ગગડ્યો છે. આજે રાજ્યના અનેક શહેરોમાં કાતિલ ઠંડીનો અહેસાસ થઈ રહ્યો છે. નલિયામાં ૧૦ ડિગ્રી તાપમાન અનુભવાયું હતું તો રાજકોટમાં પણ ઠંડીનો ચમકારો જોવા મળી રહ્યો છે. રાજકોટમાં લઘુતમ તપામનનો પારો ૪ ડીગ્રી ગગડી ૧૧.૮ ડીગ્રી તાપમાન નોંધાયું હતું તેમજ ૮ કિમીની ઝડપે પવન ફૂંકાયો હતો.

રાજ્યભરમાં તાપમાનનો પારો ગગડ્યો હતો. ચાર શહેરોમાં લઘુત્તમ તાપમાન ૧૪ ડિગ્રીથી નીચે નોંધાયું હતું. માત્ર બે દિવસમાં તાપમાનમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો હતો. નલિયામાં ૧૦.૮, રાજકોટમાં ૧૧.૮ ડિગ્રી, ડીસામાં ૧૨.૪ ડિગ્રી તાપમાન અમદાવાદમાં ૧૩.૨, ગાંધીનગરમાં ૧૪ ડિગ્રી તાપમાન નોંધાયુ હતું તો માઉન્ટ આબુમાં શૂન્ય ડિગ્રીએ પારો પહોંચ્યો હતો.

હવામાન વિભાગનાં જણાવ્યા મુજબ આજથી સૌરાષ્ટ્ર-કચ્છમાં આવતા પાંચ દિવસ સુધી ક્રમશઃ ઠંડીનાં પ્રમાણમાં વધારો થશે અને લઘુતમ તાપમાન સતત નીચું ઉતરશે. આથી કડકડતી ઠંડીનો અનુભવ થશે. આજથી નવુ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ બની રહ્યુ છે, જેનાં કારણે ઉત્તર



ભારતનાં રાજયોમાં હવામાન પલ્ટા સાથે માવઠાની શકયતા છે. જોકે, સૌરાષ્ટ્ર-ગુજરાતમાં આ હવામાન પલ્ટાની અસર નહિવત રહેશે. પરંતુ, ઠંડીનું પ્રમાણ વધવા પામશે. ખાસ કરીને નલિયા, ડિસા, ગિરનાર પર્વત, જૂનાગઢ, અમરેલી, રાજકોટ અને સુરેન્દ્રનગર શહેરમાં તિવ્ર ઠંડીનો અહેસાસ થશે અને લઘુતમ તાપમાન ૧૦થી ૧૨ ડિગ્રી વચ્ચે નોંધાશે. સંભવતઃ નલિયામાં સિંગલ ડિઝીટમાં પણ તાપમાન પહોંચી શકે છે.

# રાજકોટ, પડધરી, વાંકાનેર, સુરેન્દ્રનગર અને અંજારમાં ૧૨ લોકોની હત્યા કરનાર ભુવાનું પોલીસ કસ્ટડીમાં મોત

## મહાણી મેલડી માતાનો ભૂવો હોવાનો દાવો કરી એકના ચાર કરવાની લાલચ આપતો અને પછી દારૂમાં સોડિયમ નાઈટ્રિટ ભેળવીને હત્યાને અંજામ આપતોઃ રિમાન્ડ દરમિયાન વઢવાણના નવલસિંહ ચાવડાની તબિયત લથડી અને હોસ્પિટલ પહોંચે તે પહેલા જ મોત મળ્યુ

**મુખ્ય સમાચાર,રાજકોટ**


એક અત્યંત ચોંકાવનારી ઘટનામાં અમદાવાદના એક ફેક્ટરીના માલિકની હત્યાના ગુનામાં પકડાયેલા મૂળ વઢવાણના એક ભુવાએ અમદાવાદ પોલીસની પૂછપરછ દરમિયાન પોતે એક-બે નહી પરંતુ બાર-બાર હત્યા કરી હોવાની કબુલાત આપતા પોલીસ સ્તબ્ધ થઈ ગઈ હતી. આ કબુલાત આપ્યા બાદ અચાનક આ ભુવાને વોમિટ થઈ હતી અને તે મોતને ભેટ્યો હતો. આ ભુવાએ મરતા પહેલા પોતે રાજકોટ અને સુરેન્દ્રનગરમાં ત્રણ-ત્રણ, અંજાર, વાંકાનેર અને પડધરીમાં એક-એક તથા અમદાવાદના અસલાલીમાં એક અને બાકી પોતાના પરિવારજનોની મળીને કુલ ૧૨ લોકોની હત્યા કર્યાની કબુલાત આપી હતી. અમદાવાદ ઝોન-૭નાં ડી.સી.પી. શિવમ વર્માએ પત્રકારોને કહ્યું હતું કે, નવલસિંહ ચાવડા નામનો આ ભૂવો પોલીસ પાસે રિમાન્ડ ઉપર હતો અને રવિવારે સવારે અચાનક તેને વોમિટ થઈ હતી. આ પછી ૧૦૮ મારફત તેને હોસ્પિટલ લઈ ગયા હતા પરંતુ રસ્તામાં જ તેનું મોત થઈ ગયુ હતુ.

અમદાવાદના સરખેજ વિસ્તારમાં રહેતા ચાંગોદરમાં એબીઆર કોસ્મેટિક ટ્રેડિંગ ફેક્ટરીના માલિક અભિજિત સિંહ રાજપૂતને ભુવા નવલસિંહ ચાવડાએ તાંત્રિક વિધિ દ્વારા એક કા ચાર કરી આપવાની લાલચ આપી હતી. ભુવાએ ફેક્ટરીના માલિકને ૧ ડિસેમ્બરે બપોરે ૩ વાગ્યે સનાથલ ખાતે રૂપિયા લઈને બોલાવ્યો હતો. ત્યારબાદ તાંત્રિક વિધિના નામે માલિકને દારુમાં ઝેરી પદાર્થ ભેળવીને વિધિના બહાને પીવડાવી તેની હત્યાનો પ્રયાસ કર્યો હતો. ફેક્ટરીના માલિકની હત્યા કરી ભુવા સમગ્ર રૂપિયા લઈ નાસી જવાની તૈયારીમાં હતો. જોકે, સમગ્ર મામલાની સરખેજ પોલીસને બાતમી મળતાં તે સમયસર ઘટના સ્થળે પહોંચી અને ફેક્ટરીના માલિકનો જીવ બચાવી લીધો હતો.

આ મામલામાં સરખેજ પોલીસે મૂળ વઢવાણનાં નવલસિંહ ચાવડાની ત્રીજી ડિસેમ્બરે ધરપકડ કરીને ૧૦ તારીખ સુધી રિમાન્ડ ઉપર લીધો હતો. રિમાન્ડ દરમિયાન તેની પૂછપરછ થઈ હતી. આ દરમિયાન રવિવારે સવારે અચાનક તેની તબિયત લથડી અને મોતને ભેટ્યો હતો. જો કે આ પૂર્વે આ ભુવાએ પોલીસ પૂછપરછમાં જે કબુલાત આપી હતી તે અત્યંત ચોંકાવનારી હતી.

નવલસિંહ ચાવડા પોતે ભુવો હતો અને તાંત્રિક વિધિના બહાને લોકોને ફસાવતો હતો. ચાર ગણા રૂપિયા કરી આપવાની લાલચ આપતો હતો અને પછી તેની પાસેથી રૂપિયા મેળવી દારૂમાં સોડીયમ નાઈટ્રાઈટ ભેળવી હત્યા કરી નાખતો હતો.આ ભુવાએ પોતાના જ પરિવારના દાદી અને કાકાની પણ હત્યા કરી નાખી હતી તેવું પોલીસ કબુલાતમાં જણાવ્યુ હતુ.

સરખેજ પોલીસે તેની ધરપકડ કર્યા પછી તપાસાર્થે તેને વઢવાણ પણ લઈ ગઈ હતી અને કેટલીંક ઘટનાઓનું રી કન્સ્ટ્રકશન કરીને તપાસ પણ કરી હતી. પોલીસ તપાસ માટે નવલસિંહના મઢમાં પણ ગઈ હતી. નવલસિંહે જે કલરની દુકાનેથી સોડિયમ નાઈટ્રિટ કેમિકલ ખરીદ્યું હતું ત્યાં પણ પૂછપરછ હાથ ધરી હતી.



# મોરબીમાં છરીની અણીએ પરપ્રાંતિય શ્રમિકને લૂંટી લેનાર ત્રણ આરોપીઓને પકડી લેવાયા

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબી તાલુકાના ખોખરા હનુમાન મંદીર નજીક રોડ ઉપર વિસેક દિવસ પહેલા બે બાઈકમાં આવેલ ચાર ઈસમો દ્વારા સીરામીકમાં કામ કરતા શ્રમિકને ગળા છરી રાખી મોબાઈલ તેમજ રોકડની લુંટના ગુનાનો ગણતરીના દિવસોમાં ભેદ ઉકેલી ક્રાઈમ બ્રાંચ/પેરોલ ફર્લો સ્ક્વોડ ટીમે ત્રણ આરોપીઓને રૂપીયા ૩૨,૫૦૦/- ના મુદામાલ સાથે દબોચી લેવામાં આવ્યા છે, હજુ એક આરોપી ફરાર હોય તેને પકડી લેવા ચક્રો ગતિમાન કર્યા છે. આ ઉપરાંત લુંટારૂ ટોળકી દ્વારા અન્ય મોબાઈલની લુંટો કરેલની કબુલાત આપેલ છે. મળતી માહિતી અનુસાર, આજથી વિસેક દીવસ પહેલા મોરબી તાલુકાના ખોખરા હનુમાન મંદીર પાસે આવેલ મોનોલીથ કારખાનામાં મજુરી કામ કરતા અમન અંબારામભાઈ કુશવા કારખાનામાં પોતાનુ મજુરી કામ પતાવી કારખાનાની બહાર ખરીદી કરવા જતા હતા ત્યારે રાત્રીના આશરે સાડા આઠેક વાગ્યાના અરસામાં બે મોટર સાયકલ ઉપર ચાર ઈસમો આવી અમનભાઈને ગળે છરી અડાડી પતારી પાસે જે હોય તે આપી દેથ તેવી ધમકી આપી, અમનભાઈ પાસેનો ઓપો કંપનીનો મોબાઈલ ફોન કિ.રૂ.૧૦,૦૦૦/- તથા રોકડા રૂપીયા ૨૫૦૦/- મળી કુલ રૂપીયા ૧૨,૫૦૦/- ના મુદામાલની લુંટ કરી નાસી ગયા હતા. બનાવ બાદ અમનભાઈ દ્વારા મોરબી તાલુકા પોલીસ મથકમાં નોંધાવી હતી. મોરબી જીલ્લા પોલીસ દ્વારા આરોપીઓ તથા મુદામાલ શોધી કાઢવા ઉપરી અધિકારીઓની સૂચના અને માર્ગદર્શન હેઠળ એલ.સી.બી./પેરોલ ફર્લો સ્ટાફની અલગ અલગ ટીમો બનાવી આરોપીઓને પકડી પાડવા તથા મુદામાલ હસ્તગત કરવા અલગ અલગ દિશામાં તપાસ શરૂ કરી હતી. જે દરમ્યાન હ્યુમન



સોર્શ, ટેક્નીકલ માધ્યમ, તથા ખાનગી બાતમીરાહે હકિકત મળેલ કે, ઉપરોક્ત ગુનાને અંજામ આપનાર લૂંટારું ટોળકી હાલ માળીયા(મી) ગામ તરફ જતા રસ્તે રેલ્વે ફાટક પાસે આવેલ બેઠા પુલ તરફ જવાના રસ્તે બેઠેલ છે તેવી ચોક્કસ હકિકત મળેલ હોય જે આધારે તુરત આ જગ્યાએ તપાસ કરતા જ્યાંથી ત્રણ આરોપીઓ મળી આવેલ હતા. પકડાયેલ ચાર પૈકી ત્રણ આરોપીઓ અસગર રમજાનભાઈ માયાભાઈ મોવર રહે.કાજરડા તા.માળીયા(મી), સમીર સુભાનભાઈ હુશેનભાઈ મોવર રહે.માળીયા(મી) વાડા વિસ્તાર તથા હનીફભાઈ અબ્બાસભાઈ કરીમભાઈ ભટ્ટી રહે.કાજરડા તા.માળીયા(મી)ની ગુના સબંધી પુછપરછ કરતા પોતે ટોળકી બનાવી ઉપરોક્ત ગુનો અન્ય એક સાગરીત આરોપી અવેશભાઈ સુભાનભાઈ મોવર રહે.માળીયા ઈદ મસ્જીદ નજીકની સાથે મળી આચરેલાની કબુલાત આપી હતી. આ સાથે પકડાયેલ ત્રણેય આરોપીઓ પાસેથી શ્રમિકનો મોબાઈલ તથા રોકડા રૂપીયા-૨૫૦૦/- મળી આવતા કબજે કર્યા છે. ત્રણેય આરોપીઓ પાસેથી પોલીસે રોકડા રૂપીયા ૨૫૦૦/-, છરીઓ નંગ-૨ તથા મોબાઈલ ફોન નંગ-૫ કિ.રૂ. ૩૦,૦૦૦/- મળી કુલ કિ.રૂ.૩૨,૫૦૦/- નો મુદામાલ કબ્જે લઈ ત્રણેયની અટક કરી આગળની કાર્યવાહી હાથ ધરેલ છે.

વધુમાં પકડાયેલ ત્રણેય તથા પકડવાના બાકી એમ ચારેય આરોપીઓ છેલ્લા ઘણા સમયથી રાત્રીના સમયે મોટર સાયકલ સાથે નિકળી મોરબીના અલગ-અલગ જી.આઈ.ડી.સી. વિસ્તારના એકલ દોકલ મજુરોને રોકી છરીઓ બતાવી ધાક ધમકીઓ આપી મોબાઈલ ફોન તથા રોકડ રકમ પડાવી લુંટ કરવાની ટેવ વાળા છે અને જો કોઈ મજુર તેઓનુ પ્રતિકાર કરે તો તેઓ ઉપર જીવલેણ હુમલો કરી ખુન જેવા ગંભીર ગુનાને અંજામ પણ આપી શકવાની ટેવવાળા હોવાનું સામે આવ્યું છે.

# નાની ખાવડીમાં યુવકની છરીના ઘા મારી હત્યા

**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગર નાની ખાવડીમાં પત્નીને હેરાન કરવા મામલે સમજાવવા જતા ઉગ્ર બોલાચાલીમાં ખુની ખેલ.જામનગર તાલુકાના નાની ખાવડી પંથકમાં હત્યાનો વધુ એક બનાવ સામે આવ્યો છે જેમાં મોડી રાત્રે યુવાનને છરીના ગળાના ભાગે ઘા ઝીંકી હત્યા નિપજાવાઈ હોવાનુ ખુલ્યુ છે.પોલીસના જણાવ્યાનુસાર પત્નીને હેરાન કરવા મામલે ટંકારાનો શખસ સમજાવવા માટે આવતા ઉગ્ર બોલાચાલીમાં ઉશ્કેરાઈ જઈ છરીના ઘા ઝીંકી યુવાનને મોતને ઘાટ ઉતાર્યાનુ ફરીયાદમાં જાહેર થયુ છે. પોલીસે સમગ્ર બનાવ મામલે તપાસનો ધમધમાટ હાથ ધર્યો છે.પોલીસસુત્રોમાંથી જાણવા મળતી વિગત મુજબ જામનગર તાલુકાના નાની ખાવડી ગામના સીમ વિસ્તારમાંથી એક યુવાનનો ગળાના ભાગે તિક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી હત્યા નિપજાવાયેલો મૃતદેહ મળી આવ્યો હતો. આ બનાવની જાણ થતા જ પીઆઈ પી.ટી. જયસ્વાલ અને સ્ટાફ તુરંત જ ઘટનાસ્થળે દોડી ગયો હતો.પોલીસે મૃતદેહનો કબજો સંભાળી પોસ્ટમોર્ટમ અર્થે જી.જી. હોસ્પીટલમાં ખસેડયો હતો.જે દરમિયાન પોલીસને મૃતક યુવાનની ઓળખ મળી હતી જેમાં મૃતક બલભદ્રસિંહ વનરાજસિંહ જાડેજા (ઉ.વ. ૨૧) હોવાનુ જાહેર થયુ હતુ. નાની ખાવડી ગામે રહેતો મૃતક યુવક ખાનગી કંપનીમાં નોકરી કરતો હોવાનુ તેમજ મુળ અડવાણ પંથકનો વતની હોવાનુ જાણવા મળ્યુ હતુ. મૃતક યુવાનને ગળાના ભાગે જોરદાર પ્રહાર કરતા લોહીથી લથબથ તેનો મૃતદેહ મળી આવ્યો હતો. આ બનાવ મામલે મૃતકના પિતાની ફરીયાદ પરથી પોલીસે જનકસિંહ વિક્રમસિંહ



ઝાલા (રે. ટંકારા) સામે ગુનો નોંધ્યો છે. મૃતક આરોપીના પત્નીને હેરાન કરવા મામલે સમજાવવા આવતા બંને વચ્ચે બોલાચાલીએ ઉગ્ર સ્વરૂપ ધારણ કરતા ઉશ્કેરાઈ જઈને આરોપીએ છરીના ગળાના ભાગે ઘા ઝીંકી મોત નિપજાવ્યાનુ ફરીયાદમાં જાહેર થયુ છે. પોલીસે હત્યારાને સકંજામાં લેવા માટે જુદી જુદી દિશામાં તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

# કેનરા બેંક રાજકોટ શાખા આયોજિત MSME આઉટરીચ કાર્યક્રમ સંપન્ન

**મુખ્ય સમાચાર,મોરબી**

ભારત સરકારના નાણામંત્રાલય દ્વારા MSME ક્લસ્ટર(જુથ) માટે આઉટરીચ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું આ કાર્યક્રમને ધ્યાનમાં લઈને, કેનેરા બેંક રાજકોટ ક્ષેત્ર દ્વારા તા.૭ ડિસેમ્બરના રોજ MSME આઉટરીચ કાર્યક્રમનું મોરબી ખાતે આયોજન કરવામાં આવ્યું હતું.

મોરબીને ભારતનું સિરામિક સિટી તરીકે ઓળખવામાં આવે છે. મોરબી અને આસપાસનો વિસ્તારમાં ૯૦૦ થી વધુ સિરામિક મેન્યુફેક્ચરિંગ પ્લાન્ટ્સને આવરી લે છે. જે સિરામિક ઉત્પાદનોની વિશાળ શ્રેણીનું ઉત્પાદન કરે છે. મોરબીનો સિરામિક ઉદ્યોગ ભારતના સિરામિક ઉત્પાદનોના બજાર હિસ્સામાં ૯૦% અને સિરામિકની વૈશ્વિક માંગમાં ૧૮% ફાળો આપે છે. ભારત સરકારના નાણામંત્રાલય દ્વારા દરેક ક્લસ્ટર(જુથ)ને મહત્વ આપતા, MSME એકમોના વિકાસ પર ભાર મૂક્યો અને માર્ચ ૨૦૨૫ સુધીમાં MSMEએકમો માટે જાહેરક્ષેત્રની બેંકોના કુલ લક્ષ્યાંકમાં રૂ.૧,૭૫,૦૦૦ કરોડનો વધારો કર્યો. MSME ક્ષેત્રના વિકાસને નવિનતાના સર્જન અને તેના કાયમી વિકાસને વેગ આપતા MSME આઉટરીચ કાર્યક્રમનુ ઉદઘાટન કરતા કેનેરા બેંક ગર્વ અનુભવે છે.

આ કાર્યક્રમમાં ૧૩૦થી વધુ MSME ઉદ્યોગ સાહસિકોની સક્રિય ભાગીદારી જોવા મળી હતી. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય ખજખઊ મુદ્રા, ડખ વિશ્વકર્મા, ડખ સ્વાનિધિ, PMEGP જેવી સરકાર પ્રાયોજિત યોજના અને કેનેરા GST, MSME સ્ટાર, મહિલા વિકાસ યોજના જેવી વિશિષ્ટ યોજનાઓ પ્રદાન કરવાનો હતો. દરેક ક્લસ્ટરને પ્રોત્સાહન આપતો આ કેનેરા બેંકનો ભવ્ય નખજખઊ આઉટરીચ પ્રોગ્રામક ખાસ અને સક્રિય હતો. આ કાર્યક્રમનો મહત્વનો



ઉદ્દેશ MSME ઋણ લેનારાઓને તેમના લાભ માટે બેંક દ્વારા વિવિધ પ્રકારની નાણાકીય સુવિધાઓ અને વિકલ્પો વિશે અવગત કરવાનો હતો.

આ કાર્યક્રમમાં ઉદ્યોગ સાહસિકોને ઝડપી નિર્ણય અને અસરકારક નાણાકીય ઉકેલ આપવા માટે પ્રાદેશિક કચેરી, રાજકોટના અધિકારીઓએ હાજરી આપી હતી. તેઓએ આઉટરીચ પ્રોગ્રામમાં દરેક સહભાગીને તેમની નાણાકીય જરૂરિયાતોને સરળ બનાવવા માટે મળ્યા હતા. તેઓએ દરેક સહભાગીને વ્યક્તિગત રીતે નાણાકીય સલાહ પણ આપી હતી. માત્ર જામનગર ક્લસ્ટર(જુથ) માંથી ૨૮ થી વધુ ઉદ્યોગ સાહસિકોને અંદાજે રૂ.૨૧.૪૬ કરોડની સિદ્ધાંતીક મંજૂરીની સંભાવના આપતા આ કાર્યક્રમને ભવ્ય સફળતા મળી હતી.

# જોડીયા ખાતે જિલ્લા કલેક્ટર બી.કે.પંડ્યાની ઉપસ્થિતમાં રવિ કૃષિ મહોત્સવ યોજાયો

**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગર, કૃષિ,ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ આયોજિત રવિ કૃષિ મહોત્સવ -૨૦૨૪ નો સમગ્ર રાજ્યમાં શુભારંભ કરવામાં આવ્યો છે.જેના અનુસંધાને જામનગર જિલ્લામાં પણ તમામ તાલુકા મથકોએ રવિ કૃષિ મહોત્સવની ઉજવણી કરવામાં આવી રહી છે.જેમાં જોડીયા ખાતે જિલ્લા કલેક્ટર બી.કે.પંડ્યાની ઉપસ્થિતમાં તાલુકા કક્ષાના રવિ કૃષિ મહોત્સવનો શુભારંભ કરાયો હતો.

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં બનાસકાંઠાના દાંતીવાડા ખાતે યોજાયેલા રાજ્ય કક્ષાના રવી કૃષિ મહોત્સવનું જીવંત પ્રસારણ આ તબક્કે ઉપસ્થિત સૌએ નિહાળ્યું હતું.સાથે સાથે રવી કૃષિ મહોત્સવ અંતર્ગત કાર્યક્રમ સ્થળે કૃષિ ક્રાંતિને પ્રેરિત કરતા વિવિધ સ્ટોલ્સ ઊભા કરી નિદર્શન કરવામાં આવ્યું હતું. બે દિવસ સુધી ચાલનારા આ સ્ટોલ પ્રદર્શનીની પ્રથમ દિવસે કલેક્ટરશ્રી સહિત બહોળી સંખ્યામાં ખેડૂતોએ મુલાકાત કરી હતી. જેમાં પ્રાકૃતિક અને પરંપરાગત કૃષિના ઉપયોગ, તેના પોષકગુણો, પાક ઉત્પાદન, જમીનની ગુણવત્તામાં વધારો, આવકમાં વધારો, ખર્ચમાં ઘટાડો જેવી બાબતોથી માહિતગાર કરવામાં આવ્યા હતા.જિલ્લામાં પરંપરાગત ખેતી અને મિલેટ્સના ઉપયોગ અંગે લોકજાગૃતિ લાવવાનુ કાર્ય થઈ રહ્યું છે ત્યારે અહીં મિલેટ્સમાંથી બનતી વાનગીઓનો પણ સંકલિત બાળવિકાસ યોજના અંતર્ગત આંગણવાડીના બહેનો દ્વારા સ્ટોલ પ્રદર્શન થકી લોકોને જાગૃત કરવામાં આવ્યા હતા.જિલ્લા ખેતીવાડી વિભાગને લગતી પીએમ કિસાન યોજના સહિત તમામ યોજનાકીય માહિતી અને લાભો, ઈકેવાયસી, લેન્ડ સીડીંગની કામગીરી સહિત બેનર, પેમ્પલેટ્સ તથા સાહિત્ય વિતરણ દ્વારા



ખેડૂતોને માહિતગાર કરવામાં આવ્યા હતા. આત્મા પ્રોજેક્ટ અંતર્ગત ખેડૂતોને ગાય આધારિત પ્રાકૃતિક ખેતીના આયામો બીજામૃત, જીવામૃત, ઘન જીવામૃત સહિતની ખેતી પદ્ધતિથી પણ વાકેફ કરવામાં આવ્યા હતાં.આ પ્રસંગે મહાનુભાવોના હસ્તે ખેડૂતમિત્રોને યોજનાકીય લાભો અંગેના હુકમ એનાયત કરવામાં આવ્યા હતા.સાથે સાથે કૃષિલક્ષી યોજનાકીય સહાય તેમજ કૃષિ સંશોધન પુરસ્કાર એનાયત કરાયા હતા.આ પ્રસંગે તાલુકા પંચાયત પ્રમુખ રસિલાબેન ચનીયારા, જિલ્લા પંચાયત સભ્ય ચંદ્રિકાબેન અઘેરા, ધરમશીભાઈ ચનિયારા, ભરતભાઈ દલસાણીયા, જેઠાલાલ અઘેરા, પ્રાંત અધિકારી સ્વપિનલ સિશલે, મામલતદાર એમ.એમ.કવાડીયા, નાયબ ખેતી નિયામક બી.એમ.આગઠ, તાલુકા વિકાસ અધિકારી આર.આર.થોરીયા સહિત બહોળી સંખ્યામાં ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.

# ડો. આંબેડકરની પ્રતિમાને ફુલહાર કરી વંદન કરતા ભાજપના આગેવાનો



જામનગર ડો. આંબેડકર નિર્વાણ દિવસ નિમિત્તે.ભારતીય બંધારણના ઘડવાયા ડો. બી.આર. આંબેડકરની આજે નિર્વાણ દિન નિમિત્તે જામનગરના ભાજપના આગેવાનો દ્વારા ડો. આંબેડકરની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરવાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. તેઓનું તા. ૬ ડિસેમ્બર ૧૯૫૬ના દિવસે નિધન થયું હતું. આજના કાર્યક્રમમાં મેયર વિનોદ ખીમસુર્યા, ધારાસભ્ય દિવ્યેશ અકબરી, પૂર્વ ધારાસભ્ય લાલજીભાઈ સોલંકી, કોર્પોરેટર માતંભાઈ, પૂર્વ કોર્પોરેટર બાબુભાઈ ચાવડા, સામતભાઈ પરમાર સહિતનાઓ જોડાયા હતાં.

# આજીવન પોતાના પેન્શનમાંથી સૈનિક પરિવારો માટે અનુદાન આપી રંજનબેન શાહે રાષ્ટ્રભાવનાના અનેરા દર્શન કરાવ્યા

**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગર આજીવન પોતાના પેન્શનમાંથી સૈનિક પરિવારો માટે અનુદાન આપી રંજનબેન શાહે રાષ્ટ્રભાવનાના અનેરા દર્શન કરાવ્યા દર વર્ષે સશસ્ત્ર સેના ધ્વજ દિને અનુદાન આપતા સ્વ.રંજનબેને મરણપથારીએથી પણ તેમના પરિવારજનોને આ અનુદાનની પરંપરા શરૂ રાખવા જણાવ્યું.રંજનબેનના બંન્ને પુત્રવધુઓએ સશસ્ત્ર સેના ધ્વજ દિને કલેક્ટરશ્રીને રૂ.૫૧-૫૧ હજારનું અનુદાન આપી રંજનબેનને યથોચિત શ્રદ્ધાંજલિ અર્પણ કરી.૭ મી ડિસેમ્બરની દર વર્ષે સશસ્ત્ર સેના ધ્વજ દિવસ તરીકે સમગ્ર દેશમાં ઉજવણી કરવામાં આવે છે.આ દિવસે સામાજિક સંસ્થાઓ, સરકારી કે ખાનગી એકમો અથવા વ્યક્તિગત રીતે પણ નિવૃત્ત સેનાના પરિવારજનોને આર્થિક અનુદાન આપી મદદરૂપ થવાનો સૌને અવસર મળે છે.જામનગરમાં આજે કલેક્ટર બી.કે.પંડ્યાના અધ્યક્ષસ્થાને યોજાયેલ કાર્યક્રમમાં ઉપરોક્ત તમામે ૪૧ લાખ જેટલી માતબર રકમનું અનુદાન આપી પોતાનું સામાજિક ઉત્તરદાયિત્વ નિભાવ્યું છે.યોજાયેલ આ કાર્યક્રમમાં સેનાના નિવૃત્ત જવાનો તથા તેમના



પરિવારજનોને મદદરૂપ થવા છેલ્લા ૧૦ વર્ષથી સૈનિક કલ્યાણ અને પુનઃ વસવાટ કચેરી જામનગરને અનુદાન આપતા જામનગરના નિવૃત્ત શિક્ષિકા સ્વ.રંજનબેન શાહની ભારતીય સૈનિકો અને તેમના પરિવારજનો પ્રત્યેની લાગણી અને આદર ઊડીને આંખે વળગે તેવો જોવા મળ્યો.રંજનબેનના પ્રપૌત્ર નેહલ શાહ આ અંગે જણાવે છે કે રંજનબેન હાલ હયાત નથી તેઓનું ગત તા.૨૪/૦૧/૨૦૨૪ ના રોજ અવસાન થયું છે. પરંતુ તેઓ જ્યાં સુધી જીવ્યા ત્યાં સુધી પોતાની બચત અને પેન્શનમાંથી દર વર્ષે અચૂક ₹૫૦,૦૦૦ જેટલી રકમનું અનુદાન સશસ્ત્રસેના દિવસે આપતા રહ્યા. ગત વર્ષે તેઓની તબિયત નાદુરસ્ત થતાં તેઓએ સમગ્ર પરિવારને બોલાવી અને આગ્રહ પૂર્વક જણાવ્યું કે હું આગામી સમયમાં રહું કે ન રહુ પરંતુ તમારે સૌએ દર વર્ષે ૭મી ડિસેમ્બરે અચૂક સેના દિવસમાં ફાળો આપી ભારતીય સેના અને તેમના પરિવારોને મદદરૂપ થવાનું છે.તેમની આ લાગણીનો અમે સૌએ સહર્ષ સ્વીકાર કર્યો અને આજે યોજાયેલ કાર્યક્રમમાં અમારા પરિવારના સભ્ય અને રંજનબેનના પુત્રવધુ હીનાબેન ભરતકુમાર શાહ અને પૌત્રવધુ દ્રષ્ટાબેન નેહલકુમાર શાહે ૫૧-૫૧ હજાર મળી કુલ રૂ.૧.૨ લાખનું અનુદાન આપી રંજનબેને પ્રગટાવેલ સેવાની જ્યોતને બરકારાર રાખવાનો તેમજ સૈનિકોના પરિવારજનોને મદદરૂપ થઈ અમારા દાદીમાને યોગ્ય શ્રદ્ધાંજલિ આપવાનો પ્રયાસ કર્યો છે.

જિલ્લા કલેક્ટર બી.કે.પંડ્યા, સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ અધિકારી અને કામાન્ડર સંદીપ જયસ્વાલે પણ રંજનબેન શાહની આ સૈનિકો અને તેમના પરિવાર પ્રત્યેની અનેરી લાગણી અને આદરને બિરદાવ્યા હતા અને તેઓના પરિવારજનોને આ ઉમદા કામગીરી બદલ અભિનંદન પાઠવ્યા હતા.

# મોરબીના શ્રધ્ધા પાર્ક સોસાયટીના રહેણાંકમાંથી વિદેશી દારૂની ૮૪ બોટલ સાથે એક ઈસમને ઝડપી લેતી સ્ટેટ મોનીટરીંગ સેલ



મોરબીમાં સ્ટેટ મોનીટરીંગ સેલ દ્વારા ઉપરા-છાપરી દરોડા પાડી સ્થાનિક પોલીસની કામગીરીમાં અનેક પ્રશ્નાર્થ ચિહ્નો મુક્યા છે, બે દિવસ અગાઉ સ્ટેટ મોનીટરીંગ સેલ દ્વારા કોલસા ચોરીના મોટા રેકેટનો પર્દાફાશ કરી ૩.૫૭ કરોડના મુદ્દામાલ સાથે ૧૧ આરોપીઓને પકડી લેવામાં આવ્યા હતા જે બાદ ગઈકાલે વળી સ્ટેટ મોનીટરીંગ સેલ ટીમે નવલખી રોડ સ્થિત શ્રધ્ધા પાર્ક સોસાયટીના રહેણાંક મકાનમાં રેઈડ કરી વિદેશી દારૂની ૮૪ બોટલ સાથે એક ઈસમની ધરપકડ કરી હતી, આ સાથે પકડાયેલ આરોપીની પૂછતાછમાં અન્ય એકનું પણ નામ ખુલવા પામ્યું હતું, હાલ સ્ટેટ મોનીટરીંગ સેલ દ્વારા પકડાયેલ ઈસમ વિરુદ્ધ બી ડિવિઝન પોલીસ મથકમાં પ્રોહી. એક્ટ હેઠળ ગુનો નોંધાવી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. પ્રાપ્ત વિગતો મુજબ સ્ટેટ મોનીટરીંગ સેલ ગાંધીનગરની ટીમે પૂર્વ બાતમીને આધારે મોરબીમાં નવલખી રોડ ઉપર આવેલ શ્રધ્ધા પાર્ક સોસાયટી સ્થિત રહેણાંકમાં દરોડો પાડ્યો હતો, ત્યારે મકાનમાં આવેલ રૂમના બાથરૂમમાંથી ગ્રીન લેબલ વ્હિસ્કીની ૮૪ બોટલ કિ.રૂ. ૫૩,૮૪૪/-મળી આવતા તુરંત હાજર આરોપી મયુરસિંહ ઘનુભા ઝાલા ઉવ.૨૯ ની સ્થળ ઉપરથી અટક કરી હતી. પકડાયેલ આરોપી મયુરસિંહની પ્રાથમિક પૂછપરછમાં વિદેશી દારૂ પાલનપુર વાળા મારાજ નામનો શખ્સ મોરબી પહોંચાડી દેતો હોવાની સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમ પાસે કબૂલાત આપી હતી. હાલ સ્ટેટ મોનીટરીંગ સેલ દ્વારા વિદેશી દારૂની ૮૪ બોટલ કિ.રૂ.૫૩,૮૪૪/-તથા પકડાયેલ આરોપીનો મોબાઈલ કિ.એઉ.૫,૦૦૦/-સહિત કુલ ૫૮,૮૪૪/- નો મુદ્દામાલ કબ્જે લઈ આરોપી મારાજ નામના શખ્સને ફરાર દર્શાવી બંને આરોપીઓ સામે બી ડિવિઝન પોલીસ મથકમાં પ્રોહી. એક્ટ હેઠળ ગુનો નોંધાવી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# જામનગરનાં મયુરગ્રીન વિસ્તારમાં કારના ચોરખાનામાથી શરાબની ૧૮૦ બોટલો મળી



જામનગરનાં મયુરગ્રીન વિસ્તારમાં કારના ચોરખાનામાથી શરાબની ૧૮૦ બોટલો મળી.જામનગર નાં મયુરગ્રીન વિસ્તારમાં એક મોટરનાં ચોરખાનામાંથી ૧૮૦ નંગ દારૂની બોટલનો જથ્થો એલ સી. બી પોલીસે શોધી કાઢી એક આરોપીની ધરપકડ કરી હતી. શરાબની હેરાફેરી કરનારા શખ્સો પોલીસથી બચવા માટે અવનવા કીમીયા અજમાવતા રહે છે અને વાહનોમાં ચોરખાના બનાવીને દારૂની ડીલીવરી કરતા હોય છે જો કે પોલીસ દ્વારા આ કીમીયા પણ પકડી પાડવામાં આવે છે.જીલ્લાના પોલીસ વડા પ્રેમસુખ ડેલુની સૂચનાથી એલસીબીના પોલીસ ઈન્સ. વી.એમ.લગારીયાના માર્ગદર્શન મુજબ સ્ટાફ દ્વારા પેટ્રોલીંગ કરવામાં આવી રહ્યુ હતું. દરમ્યાન સ્ટાફના ક્રિપાલસિંહ તથા કિશોરભાઈને મળેલ ખાનગી હકિકત આધારે લાલપુર રોડ મયુરગ્રીન-૧ વિસ્તારમાં ક્રિપાશંકર ઓમકારનાથ શર્મા( ઉ.વ.૫૫, રહે. હરીહરસાઈ વિસ્તાર, અમેઠી, ઉતરપ્રદેશ) વાળાની સેન્ટ્રો કાર એચ.આર.૨૬ એ.વાય.-૦૪૯૦માં ચોરખાના બનાવેલ છે અને તેમાં ઈંગ્લીશ દારૂની બોટલનો જથ્થો છે .આ બાતમીના આધારે પોલીસે દરોડો પાડી કારમાંથી ૯૦ હજારની કિંમત નો ૧૮૦ દારૂની બોટલનો જથ્થો મળી આવ્યો હતો તેમજ ૩ મોબાઈલ અને કાર સહિત ૩.૦૦.૫૦૦નો મુદામાલ જપ્ત કરી ક્રીપાશંકરની ધરપકડ કરવામાં આવી હતી. તેમજ દારૂ બાબતે પુછપરછ કરતા આરોપી દારૂનો જથ્થો દિલ્હીથી લઈ આવ્યો હતો. અને જામનગરમાં વિશાલ પ્રવિણભાઈ માવ (રહે. કિશાનચોક જામનગર) તથા આશુભા સોઢા (રહે.આયુર્વેદિક કેમ્પસ જામનગર) વાળાના ખુલતા ત્રણેયની સામે પ્રોહી મુજબ ફરીયાદ દાખલ કરવામાં આવી છે.આ ઉપરાંત જામનગરના રાજપાર્ક વિસ્તારમાં રહેતા અને ફુટનો ધંધો કરતા મુસ્તુફાખાન કાદરખાન પઠાણ નામના શખ્સને ઈંગ્લીશ દારૂના બે ચપલા, એક મોબાઈલ અને મોટરસાયકલ નં. જીજે-૧૦-ડીએમ-૦૦૨૬ સાથે ગુલાબનગર ઢાળીયા પાસેથી પકડી લીધો હતો કુલ ૩૨૪૦૦નો મુદામાલ જપ્ત કરાયો હતો. જયારે પડે નામના એક શખ્સની સંડોવણી સામે આવી હતી.

# હળવદના ચુપણી ગામે વાડીમાંથી દેશી દારૂ, આથો તથા બંદૂક સાથે દંપતીની ધરપકડ કરાઈ

## હળવદ પોલીસે ૩,૬૦૦ લી. આથો, ૧૦૦લી. દેશી દારૂ અને એક દેશી હાથ બનાવટની બંદૂક સાથે પતિ-પત્નીની અટક કરી

**મુખ્ય સમાચાર,મોરબી**

હળવદ તાલુકાના ચુપણી ગામે આરોપીની વાડીમાં પોલીસે રેઈડ કરતા સ્થળ ઉપરથી દેશીદારુ બનાવવાનો આથો લીટર ૩,૬૦૦/- તથા ૧૦૦ લીટર દેશી દારુ કુલ કિ.રૂા. ૧,૧૦,૦૦૦/- નો તથા એક દેશી હાથ બનાવટી બંધુક (હથિયાર) કિ.રૂા. ૫૦૦૦/- સાથે આરોપી દંપતીને પકડી લેવામાં આવ્યા છે, આ સાથે બંને આરોપી પતિ-પત્ની સામે પ્રોહી. તથા આર્મ્સ એક્ટ હેઠળ ગુનો નોંધવામાં આવી આગળની તપાસ શરૂ કરવામાં આવી છે.



પ્રાપ્ત વિગતો અનુસાર હળવદ પોલીસને બાતમી મળેલ કે ચુપણી ગામે વાડી-ખેતરમાં ગેરકાયદેસર દેશી દારૂ બનાવવાનો આથો અને દેશી દારૂ નો જથ્થો રાખી તેનું વેચાણ વાડી માલીક દ્વારા થઈ રહ્યું છે જે મળેલ બાતમી આધારે હળવદ પોલીસ ટીમે ચુપણી ગામની સીમમાં આરોપીની વાડીએ રેઈડ કરી દેશી દારુ બનાવવાના ૨૦૦ લીટરના ૧૮ બેરલમાં ૩૬૦૦ લીટર આથો કિ.રૂા. ૯૦,૦૦૦/- તથા બે ૫૦ લીટરના કેરબામાં દેશી દારૂ ૧૦૦ લીટર કિ.રૂા. ૨૦,૦૦૦/- તથા એક દેશી હાથ બનાવટી બે બેરલ વાળી બંધુક કિ.રૂા.૫,૦૦૦/- મળી આવી હતી, જેથી આરોપી વશરામભાઈ ભુરાભાઈ મકવાણા તથા દિપુબેન વશરામભાઈ મકવાણા રહે. ચુંપણી તા.હળવદ એમ બંને પતિ-પત્નીની સ્થળ ઉલરથી પ્રોહી. તથા આર્મ્સ એક્ટ હેઠળ ધરપકડ કરી બંને આરોપી વિરુદ્ધ હળવદ પોલીસ મથકમાં ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ઉનાના નવાબંદર ગામે પોલિયો રવિવાર તરીકે ઉજવવામાં આવ્યો



અહેવાલ :- અબ્દુલ પઠાણ ઉના

ઉના તાલુકાના નવાબંદર ગામે પોલિયો રવિવાર તરીકે ઉજવવામાં આવ્યો જેમાં નવાબંદર જિલ્લા પંચાયત સદસ્ય હરિ ભાઈ બોઘાભાઈ સોલંકી હાજર રહ્યા તેમજ આરોગ્ય વિભાગની ટીમ દ્વારા રવિવાર પોલિયો દિવસની ઉજવણી કરવામાં આવી તેમાં નવાબંદરના ગ્રામજનો પોતાના બાળકોને લઈને આવ્યા હતા અને બે ટીપા પોલિયોના પીવડાવ્યા હતા અને આ સંપૂર્ણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો

# રાજકોટમાં બિલ્ડરો ઉતર્યા રસ્તા પરઃ જંત્રી વધારો પાછો ખેંચવાની માંગ સાથે ૭૦૦૦થી વધુ લોકો મૌન રેલીમાં જોડાયા







(તસ્વીરઃ આનંદ જાવિયા)

રાજ્ય સરકાર દ્વારા જંત્રીના સૂચિત દરમાં કરાયેલા તોતિંગ વધારાની સામે બિલ્ડર્સે હવે સરકાર સામે બાંયો ચડાવી છે. સરકારે વાંધા અરજી રજૂ કરવા માટેની મુદત તો એક મહિનો વધારી આપી છે. આ ઉપરાંત ઈઈઊઉઅઈ દ્વારા અરજી માટે ઓફલાઈન વિકલ્પ આપવા સહિતની અન્ય માગણીઓ પણ કરવામાં આવી છે. જંત્ર દરમાં કરાયેલા સૂચિત વધારાનો જો અમલ કરવામાં આવે તો મકાનના ભાવમાં ૩૦થી ૪૦ ટકાનો વધારો થવાની ભીતિ વ્યકત કરવામાં આવી છે. જેના કારણે સામાન્ય માણસનું ઘરના ઘરનું સ્વપન અધૂરું રહી જાય તેમ છે. જંત્રીદરમાં કરાયેલા સૂચિત વધારાના વિરોધમાં આજે ક્રેડાઈ, બિલ્ડર એસોસિયેશન દ્વારા અમદાવાદ, રાજકોટ, વડોદરા, સુરત સહિતનાં શહેરોમાં રેલી યોજી વિરોધ નોંધાવવામાં આવી રહ્યો છે. રાજ્ય સરકાર દ્વારા નવી સૂચિત જંત્રીમાં સરેરાશ ૨૦૦થી ૨૦૦૦ ટકા સુધીનો વધારો ઝીંકી દેવામાં આવ્યો છે. આ જંત્રીના અમલ સામે ક્રેડાઈ અને બિલ્ડર એસોસિએશન દ્વારા વિરોધ નોંધાવવામાં આવ્યો છે. આ જંત્રી કોઈપણ સંજોગોમાં સ્વીકારવા લાયક નથી તેવું નક્કી કરી રાજકોટના બિલ્ડરો દ્વારા રેલી યોજી જિલ્લા કલેક્ટરને આવેદન પત્ર પાઠવી જંત્રી વધારો પાછો ખેંચવા તેમજ આ જંત્રીનો અમલ ૩૧ માર્ચ સુધી રોકી દેવા અનુરોધ કરવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે રાજકોટમાં ઝઝઝ ગેમઝોન અગ્નિકાંડ બાદ છેલ્લા ૬ મહિનાથી રાજકોટ બાંધકામ વ્યવસાય મૃતપાય હાલતમાં હોવાનો દાવો રાજકોટ બિલ્ડર એસોશિએશન દ્વારા કરવામાં આવ્યો છે અને આના થકી મનપાને આ વર્ષે ૫૦થી ૧૦૦ કરોડનું નુકશાન થશે જયારે સરકારને પણ સ્ટેમ્પ ડ્યુટીની આવકમાં મોટો ઘટાડો થવાનો છે.

## છાત્રાઓને ભંગાર સાઈકલો આપી ઉઘરાવાયો ટ્રાન્સપોર્ટિંગ ચાર્જ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

સૌરાષ્ટ્રના જગવિખ્યાત યાત્રાધામ વીરપુરમાં માતુશ્રી મોંઘીબા ગર્લ્સ હાઈસ્કૂલમાં અભ્યાસ કરતી ૫૫ જેટલી વિદ્યાર્થીનીઓને ગુજરાત સરકારના સમાજ કલ્યાણ વિભાગ દ્વારા આપવામાં આવતી સાયકલો ફોલ્ટ વાળી અને ભંગાર હાલતમાં આપવામાં આવી આપવામાં આવી અને સ્કૂલના સંચાલકો દ્વારા વિદ્યાર્થીનીઓ પાસેથી એક સાયકલ દીઠ ટ્રાન્સપોર્ટિંગ ચાર્જ પણ વસુલ કર્યો હોવાની વિગતો સામે આવી છે. ગુજરાત સરકારની સરસ્વતી સાધના યોજના હેઠળ ધોરણ ૮ પાસ કરી ધોરણ ૯ માં પ્રવેશે તેવી વિદ્યાર્થિનીઓ માટે આ યોજનામાં સરકાર દ્વારા નીશુલ્ક સાઈકલો આપવામાં આવે છે. જેનાથી વિદ્યાર્થિનીઓને શાળાએ જવા આવવામાં મુશ્કેલી ના પડે અને તેઓ ટાઈમસર અભ્યાસ કરી શકે માટે આ સાયકલ આપવામાં આવે છે. પરંતુ સરકારના જવાબદાર અધિકારીઓની લાપરવાહીથી જરૂરિયાતમંદ વિદ્યાર્થિનીઓને ટાઈમસર સાયકલો મળતી નથી અને જે મળે છે તે પણ ભંગાર અને ફોલ્ટ વાળી સાયકલો મળે છે નથી ત્યારે રાજકોટ જીલ્લાના વીરપુરમાં મોંઘીબા ગર્લ્સ હાઈસ્કૂલમાં વીરપુર તેમજ આજુબાજુના કાગવડ ,થોરાળા,જેપુર સહિતના ગામડાઓ માથી વિદ્યાર્થીનીઓ અભ્યાસ કરવા માટે વીરપુર આવે છે, આ વિદ્યાર્થીનીઓને સરકારના સમાજ કલ્યાણ વિભાગ દ્વારા આપવામાં આવતી સાયકલો ચાલુ વર્ષની તો નથી મળી પરંતુ જે સાયકલો આજે આ વર્ષે મળી તે ગયા વર્ષની સાયકલો મળી તે પણ કોઈને કોઈ ફોલ્ટ વાળી અથવા તો કાટ ખાય ગયેલા પાર્ટ વાળી ધાબડી દેવામાં આવી છે, જેમાં અમુક સાયકલો ચાલી શકે તેવી કન્ડિશનમાં પણ નથી. સામાન્ય રીતે આ યોજનાની સાયકલો સમાજ કલ્યાણ વિભાગ દ્વારા કોઈપણ જાતના ચાર્જ વગર એટલે કે નીશુલ્ક આપવામાં આવે છે પરંતુ વીરપુર



સ્થિત મોંઘીબા ગર્લ્સ સ્કૂલમાં વિદ્યાર્થીનીઓ પાસે થી અથવા તો તેમના વાલીઓ પાસેથી સિત્તેર રૂપિયા ટ્રાન્સપોર્ટીંગ ચાર્જ વસુલ કરવામાં આવ્યો હતો, જેમને લઈને વિદ્યાર્થીનીઓને એક તો ખરાબ ભંગાર હાલતની સાયકલો ધાબડી દેવાથી એક સાયકલ દીઠ ૧૫૦થી ૨૦૦ જેટલો રિપેરિંગ ખર્ચ કરવો પડ્યો અને બીજી બાજુ સ્કુલ દ્વારા સિત્તેર રૂપિયા ટ્રાન્સપોર્ટિંગ ખર્ચ લેવામાં આવ્યો જેમને લઈને વિદ્યાર્થીનીઓને ડબલ ખર્ચ કરવાનો વારો આવ્યો છે, સમાજ કલ્યાણ વિભાગ દ્વારા સરસ્વતી સાધના યોજના અંતર્ગત વિદ્યાર્થીનિઓને જાન્યુઆરી કે ફેબ્રુઆરી માસમાં વિતરણ કરી આપવામાં આવતી હોય છે પરંતુ આઠ ધોરણ પાસ કરીને નવમા ધોરણમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓને હજુ સુધી સાયકલો મળી નથી જ્યારે વીરપુરની મોંઘીબા ગર્લ્સ સ્કૂલમાં જે સાયકલો વિતરણ કરાઈ છે તે દશ ધોરણની વિદ્યાર્થીનીઓને કરવામાં આવી છે એમનો સીધો મતલબ એ છે કે જે વિદ્યાર્થીનીઓ આઠ ધોરણ પાસ કરીને નવ ધોરણમાં ગઈ છે તે વિદ્યાર્થીનીઓ જ્યારે આઠ ધોરણમાંથી દશમાં ધોરણમાં પહોંચી ગઈ ત્યારે આ વિદ્યાર્થીનિઓને સાયકલો મળી અને જે વિદ્યાર્થીનીઓ આઠ ધોરણ પાસ કરીને નવમા ધોરણમાં અભ્યાસ કરે છે તેમને હજુ સુધી સાયકલો મળી નથી જેમને લઈને વીરપુર અભ્યાસ કરવા આવતી વિદ્યાર્થીનીઓને મુશ્કેલીઓ વેઠવાનો વારો આવ્યો છે જેમને લઈને વાલીઓમાં રોષ ફેલાયો છે તેથી આશ્ચર્ય થઈ રહ્યું છે કે ગ્રામીણ વિસ્તારોમાં શિક્ષણ ક્ષેત્રે મોટાપાયે ચાલતી લોલમલોલ અને સાયકલ કૌભાંડની પોલમપોલની અનેક ચર્ચાઓ લોકોમાં ઉઠવા પામી છે.

## શ્રી ચાણપા પ્રાથમિક શાળામાં દાતા તરફથી પાણીનો બોર કરી આપવામાં આવ્યો

### છેલ્લા ઘણા સમયથી અનિયમિત પાણીની સમસ્યાથી શાળાના વિદ્યાર્થીઓને મળશે હવે રાહત

(અહેવાલ : મોહસીનખાન ડી. પઠાણ)

ચોટીલા શહેરથી એક દમ નજીક આવેલા ચોટીલા તાલુકાના ચાણપા ગામમાં આવેલ સરકારી પ્રાથમિક શાળામાં ધોરણ ૧ થી ૮ સુધીના ૧૫૦ જેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે અને અત્રે ખાસ ઉલ્લેખનીય છે કે આ ગામની સરકારી શાળામાં ચોટીલા શહેરમાંથી પણ ૨૦ થી વધુ વિદ્યાર્થીઓ અભ્યાસ અર્થે આવે છે. આ શાળામાં પાણી વિતરણ ગ્રામ પંચાયત દ્વારા કરવામાં આવતું હતું પણ શાળામાં ૧૫૦ વિદ્યાર્થીઓ અને સ્ટાફ સહિતના લોકોની જરૂરિયાત અને શાળાના પટાંગણમાં ઉછરી રહેલા વૃક્ષોને નિયમિત પાણી મળતું ન હતું જે બાબતની ચિંતા કરીને શાળાના આચાર્યએ ચોટીલામાં છેલ્લા વીસ વર્ષથી સેવાકીય પ્રવૃતિઓ કરતી સંસ્થા રામ-રહિમ ફાઉન્ડેશનને જાણ કરાતા સંસ્થા દ્વારા મૂળ ચોટીલાના અને હાલ અમદાવાદ રહેતા શ્રી નિલેશભાઈ ખંધારનો સંપર્ક કરતા તેમણે ક્ષણ ભરનો પણ વિલંબ કર્યા વિના તરત જ આ સેવાનો લાભ લીધો હતો અને નિલેશભાઈના માતૃશ્રી હેમલતાબેન અંબાલાલભાઈ ખંધાર પરિવાર તરફથી આ શાળામાં બોર કરીને મોટર, પાઈપ, વાયર અને બોરની સુરક્ષા માટે પાકો ઓટલા સહિતનો તમામ ખર્ચ ઉપાડ્યો હતો. જેનું આજ રોજ પ. પુ. ગીતા કુમારીજી મહાસતીજીના જન્મ દિવસે અનાવરણ કરવામાં આવ્યું હતું. આ પાણીના બોરના લોકાર્પણ પ્રસંગે શ્રી ચાણપા ગામની પ્રાથમિક શાળામાં પધારેલ દાતાશ્રી શ્રીમતી ઉર્વિબેન નીલેશભાઈ ખંધાર, શ્રી નીલેશભાઈ અંબાલાલભાઈ ખંધાર અને તેમના સાથી મિત્ર પારસભાઈ ખંધાર, નીતાબેન ખંધાર, રામ-રહીમ ફાઉન્ડેશનના પ્રમુખ મોહસીનખાન પઠાણ, જ્યોતિબેન સીતાપરા, દિલાવરખાન પઠાણ, તસ્લીમબેન પટેલ, ઈમરાનખાન પઠાણ સહિતના મહેમાનોનું પુષ્પગુચ્છ આપી સ્વાગત કરવામાં આવ્યું હતું અને



દાતા પરિવાર તથા આવેલ તમામ મહેમાનોનું શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું હતું. નાના નાના ભુલકાઓએ પ્રાર્થના અને ભજન ગાઈને મહેમાનોને આવકાર્યા હતા તેમજ દાતાશ્રી નિલેશભાઈ અંબાલાલભાઈ ખંધારના ગુરુશ્રી પ. પુ. ગીતાકુમારીજીના જન્મ દિવસની ખુશીમાં શાળાના બધા બાળકોને અભ્યાસમાં ઉપયોગી તેવા રાઈટિંગ પેડ અને બિસ્કીટ આપી રાજી કરવામાં આવ્યા હતા. શાળા પરિવાર તેમજ આચાર્યશ્રીએ દાતા પરિવારનો આભાર વ્યક્ત કર્યો હતો. રામ રહીમ ફાઉન્ડેશન ચોટીલા પરિવાર દ્વારા દાતાશ્રી નિલેશભાઈ અંબાલાલભાઈ ખંધારનું સન્માન પુષ્પ રૂપી શિલ્ડ આપી સન્માન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા શાળાના આચાર્ય મનોજભાઈ પંચાલ, ભરતસિંહ પરમાર, મહેન્દ્રભાઈ પ્રણામી, હિતેન્દ્રભાઈ વર્મા, આશાબેન પંચાલ અને દેવલબેન વ્યાસ સહિતનાઓએ જહેમત ઉઠાવી હતી.

# કુવાડવા રોડ પર દેવલોક પાર્ક પાસે બનતા રેન બસેરાનો વિરોધ

■ મનપામાં સોસાયટીના રહીસોએ લેખિતમાં આવેદન પત્ર પાઠવ્યું





(તસ્વીરઃ આનંદ જાવિયા)

**મુખ્ય સમાચાર,રાજકોટ**

ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ દ્વારા શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગના ઉપક્રમે શ્રમિકા બસેરા રાજકોટ માં દેવલોક પાર્ક સામે, ૮૦ ફિટ રોડ, કુવાડવા રોડ, વોર્ડ નં ૪, ટી.પી. સ્કીમ નં ૧૩ ના સામાજિક માળખા ના સુવિધા માટેના પ્લોટમાં બનાવવામાં આવી રહ્યું છે.

આ શ્રમિક બસેરા ની આસપાસ ૮ સોસાયટીઓ આવેલી છે. જેમાં દેવલોક પાર્ક, દેવલોક રેસિડેન્શિ, શિવ શક્તિ સોસાયટી, એન.એન. પાર્ક, આર.કે. રેસિડેન્શિ, શાનદાર-૨ રેસિડેન્શિ, કિંજલ પાર્ક, સેફોન હાઈટસ આવેલ છે. આ શ્રમિક બસેરા અહિ બનવાથી આ વિસ્તારમાં ન્યૂસન્સ ઉભું થવાનો ડર રહેલો છે. આ શ્રમિકોમાં મોટા ભાગે પરપ્રાંતિઓ રહેવા આવવાના હોઈ આ વિસ્તારમાં ચોરી, લુંટફાટ, મારામારી, છેડતી, દારૂ નું વેચાણ અને સેવન જેવી પ્રવૃતિઓ થવાની ભીતિ રહેલી છે. જેનાથી અમો રેહવાસીઓનું હિત જોખમાઈ તેમ છે. જેથી તાત્કાલિક ધોરણએ આ શ્રમિક બસેરાનું કામકાજ અટકાવી કાયમી ધોરણે તેને અન્ય કોઈ જગ્યાએ તબદીલ કરવામાં આવે તેવી અમોની રજૂઆત છે. તેથી આપને અમો ઉપરોક્ત બાબતે આપની કક્ષાએથી યોગ્ય કાર્યવાહી કરવામાં આવે તેવી રજૂઆત કરીએ છીએ. સરકારશ્રી દ્વારા આ અંગે કોઈ નિર્ણય લેવામાં નહિ આવેતો આ વિસ્તારના રહીશો, અમારા પરિવારો ને સીધું આર્થિક, સામાજિક અને માનસિક નુકસાન થવાનો ભય છે તેથી ના છુટકે કાનૂની રાહે અને ગાંધી ચિંધ્યા માર્ગે પણ અમો આ પ્રોજેક્ટ બંધ કરવા માટે લડત આપીશું...

## અમદાવાદમાં બદલી કરાયેલા ૧૩ જેટલા પોલીસકર્મીઓની મિલકતની તપાસના આદેશ

### સ્ટેટ મોનીટરીંગ સેલના વડાને તપાસ સોંપાઈ

### તોડબાજીમાં તમામની જિલ્લા બહાર બદલી કરાઈ તી

**મુખ્ય સમાચાર,રાજકોટ**

અમદાવાદમાં ૧૩ જેટલા પોલીસકર્મીઓની ગાંધીનગરથી ૧૯ નવેમ્બરે બદલી કરવામાં આવી હતી. ગાંધીનગરથી અધિક પોલીસ મહાનિર્દેશક (વહીવટ) ખુરશીદ એહમદ દ્વારા બદલીનો આદેશ કરાયો હતો. જેમાં ૧૩ જેટલા કોન્સ્ટેબલ અને હેડ કોન્સ્ટેબલને અલગ અલગ જિલ્લાઓમાં બદલવામાં આવ્યા હતા. પરંતુ આ પોલીસકર્મીઓનાં કર્મકાંડ મોટા હોવાથી તેઓની મુશ્કેલીમાં વધારો થયો છે. થોડા સમય પહેલા અમદાવાદ શહેરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતી વણસી હતી જેને લઈને રાજ્યનાં પોલીસ વડાએ અમદાવાદમા ઉચ્ચ પોલીસ અધિકારીઓ સાથે બેઠક કરીને કાઈમની સ્થિતીની સમીક્ષા કરી હતી. જેનાં ગણતરીનાં કલાકોમાં





ગાંધીનગરથી અમદાવાદનાં અનેક પોલીસ સ્ટેશનનાં વહીવટદારોની બદલી જિલ્લા બહાર કરવામાં આવી હતી. જોકે બદલી કરીને તે પોલીસકર્મીઓને તેઓની કાંડમાંથી મુક્તિ આપવામાં આવી નથી. કારણ કે રાજ્ય પોલીસ વડા દ્વારા આ ૧૩ પોલીસકર્મીની મિલકત તપાસના આદેશ આપવામાં આવ્યા છે.

રાજ્ય પોલીસ વડાએ સ્ટેટ મોનિટરિંગ સેલના વડા નિર્લિપ્ત રાયને આ તપાસ કરવા આદેશ કર્યો છે. અમદાવાદમાં તોડબાજીની ફરિયાદોને આધારે આ બદલીઓ કરવામાં આવી હોવાની ચર્ચા હતી. તેવામાં બદલી કરાયેલા પોલીસકર્મીઓ અને તેઓનાં પરિવારના નામે કેટલી મિલકતો છે તેની તપાસ કરવામાં આવશે. જેમાં પોલીસકર્મી અને તેના પરિવારની જંગમ સ્થાવર મિલકતો, બેંક બેલેન્સ, વાહનો, લોકર સહિતની તપાસ કરવામાં આવશે. તેવામાં આ તપાસનો આદેશ કરાતા અનેક પોલીસકર્મીઓનાં જીવ તાળવે ચોંટયા છે.

## રાજકોટ મહાનગરપાલિકાના નવા કમિશનર તુષાર સુમેરા એ ચાર્જ સંભાળ્યા



રાજકોટ મહાનગરપાલિકા ના પૂર્વ કમીશનર દેસાઈ લાંબી રજા બાદ તેઓની બદલી થઈ હતી અને રાજકોટ મહાનગરપાલિકા ના નવા કમિશનર તુષાર સુમેરા ની નિમણૂક કરવામાં આવતા આજે મનપાના નવા કમિશનર તરીકે તુષાર સુમેરા એ ચાર્જ સંભાળી લીધો હતો. તુષાર સુમેરાને ધોરણ ૧૦માં તેઓને દરેક વિષયમાં ઓછા માર્ક્સ આવ્યા હતા. ત્યારબાદ ધોરણ ૧૧-૧૨ આટ્‌ર્સમાં અભ્યાસ કરી ત્યારબાદ ટીચર બન્યા હતા. આ દરમિયાન તેઓએ માત્ર ગુરૂ બનીને કોઈ એક-બે ગામ કે જિલ્લાના લોકોને સુધારવા બદલે દેશને સુધારવા માટે સ્વપન જોઈ UPSC પરીક્ષા આપવાનું નક્કી કર્યુ. તેઓએ ૨૦૧૨માં પરીક્ષા પાસ કરી ઈઅજ ઓફિસર બનવાનું સ્વપન સાકાર કર્યુ છે. ઉલ્લેખનીય છે કે, બે વર્ષ પેહલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ તુષાર સુમેરાએ ભરૂચ જિલ્લામાં ઉત્કર્ષ પહેલ અભિયાન અંતર્ગત કરેલા કામની નોંધ લઈને ટ્વીટ કર્યુ હતું.

## મોરબીમાં SMCના દરોડા બાદ એસ.પી. એ કરી ૧૧ પોલીસ કર્મીઓની બદલી

### એસએમસીની ટીમે ત્રણ દિવસમાં કોલસા કૌભાંડ, વિદેશી દારૂના બુટલેગર પર દરોડો પાડી સ્થાનિક પોલીસને ઉંઘતી ઝડપી પાડી

**મુખ્ય સમાચાર,મોરબી**

ટંકારાના હાઈપ્રોફાઈલ કેસની તપાસ માટે આવેલા એસએમસીના ડીઆઈજી નિર્લિપ્ત રાયની ટીમે તપાસ રિપોર્ટ ડીજીપીને સોંપતાની સાથે જ ખળભળાટ મચી ગયો છે તો બીજી તરફ મોરબી પંથકમાં એસએમસીની ટીમે બેક ટુ બેક રેઈડ પાડીને કોલસા કૌભાંડ અને વિદેશી દારૂના બુટલેગર પર દરોડા પાડી સ્થાનીક પોલીસને ઉંઘતી ઝડપી પાડી હતી. એસએમસીની કાર્યવાહીથી જિલ્લા પોલીસવડા આગબબુલા થયા છે. આજે ૧૧ પોલીસકર્મીની આંતરીક બદલી કરતા પોલીસબેડામાં ખળભળાટ મચી ગયો છે.

મોરબીમાં છેલ્લા ત્રણ દિવસથી એસએમસીની ટીમ દ્વારા મોરબીમાં ધામા નાખવામાં આવ્યા છે પ્રથમ દિવસે જ્યારે ટંકારા પોલીસ ની જુગારની રેડ મામલે આવેલ એસએમસી ટીમે રિપોર્ટ તૈયાર કરી ડીજીપીને સોંપતાં એક પીઆઈ અને એક હેડ કોન્સ્ટેબલ સસ્પેન્ડ થયા છે જ્યારે બીજી દિવસે મોરબીના ગાળા ગામ નજીક કોલસા ચોરી કૌભાંડ ઝડપી પાડી ૩.૫૭ કરોડના મુદ્દામાલ સાથે ૧૧ આરોપીને ઝડપી લેવાયા હતા જ્યારે ત્રીજા દિવસે મોરબી સિટી બી ડિવિઝન વિસ્તારમાં રહેણાંક મકાનમાં દરોડો પાડી બુટલેગરની સાત પેટી વિદેશી દારૂ સાથે ઝડપી લેવાયો હતો.જ્યારે એસએમસી ટીમ દ્વારા કોલસા કૌભાંડ અને બુટલેગર પર દરોડો પાડવામાં આવતા સ્થાનિક પોલીસ પર મોરબી જિલ્લા પોલીસ વડા રાહુલ ત્રિપાઠી દ્વારા કાર્યવાહી કરવામાં આવી છે. એસએમસી ટીમની બેક ટુ બેક રેડને લઈને સ્થાનિક પોલીસની બેદરકારી સામે આવી છે. જેને બિલકુલ સાંખી નહિ લઈ જિલ્લા પોલીસ વડા રાહુલ ત્રિપાઠી લાલ ઘૂમ થયા છે. અને આજે રવિવારે એસપીએ કુલ ૧૧ પોલીસકર્મીઓની બદલીઓનો ઓર્ડર આપ્યો છે. મોરબી તાલુકા પોલીસના આઠ અને મોરબી શહેર બી ડિવિઝનના ત્રણ મળી કુલ ૧૧ પોલીસકર્મીઓની જાહેર હિતમાં બદલીઓ કરાઈ છે. જેમાં મોરબી તાલુકા અને મોરબી સિટી બી ડિવિજન પોલીસમથકમાં ફરજ બજાવતા પાંચ કોન્સ્ટેબલ, ત્રણ હેડ કોન્સ્ટેબલ, બે એ.એસ.આઈ અને એક લોકરક્ષક મળી કુલ ૧૧ પોલીસ કર્મચારીઓની બદલી કરાતા મોરબી જિલ્લા પોલીસમાં હડકંપ મચી જવા પામ્યો છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# ભગતસિંહ ગાર્ડન પાછળ હાઉસિંગ બોર્ડ ક્વોટરમાં ૫૭ બોટલ દારૂ સાથે બુટલેગર ઝડપાયો



**મુખ્ય સમાચાર,રાજકોટ**

શહેરના યુનિવર્સિટી રોડ પર આવેલા ભગતસિંહ ગાર્ડન પાછળ હાઉસિંગ બોર્ડના ક્વોટરમાં રહેતા બુટલેગર ના રહેણાંક મકાનમાં ડીસીપી ઝોન ટુ એલસીબી ની ટીમ દોરો પાડી ૫૭ બોટલ દારૂ ઝડપી લઈ બુટલેગરની ધરપકડ કરી છે. આ અંગેની માહિતી મુજબ શહેરના યુનિવર્સિટી રોડ પર એલસીબી ટીમના પી.એસ.આઈ આર એચ ઝાલા સહિતનો તાપ પેટ્રોલિંગમાં હતા ત્યારે ચોક્કસ બાતમીના આધારે ભગતસિંહ ગાર્ડન પાછળ આવેલ હાઉસિંગ બોર્ડના ક્વોટરમાં રહેતો રવિ ભગવાનદાસ ટેલવાણી ના મકાનમાં બરડો પાડતા પાણીના ટકામાં સંતાડેલા ૫૭ બોટલ વિદેશી દારૂ મળી આવતા પોલીસે રવિ ટેલવાણીની ધરપકડ કરી ₹૪૭,૦૦૦ નો મુદ્દામાલ કબજે કરી વધુ તપાસ હાથ ધરી છે.

## મોરબી રોડ પર જય જવાન જય કિસાન સોસાયટીમાં ૧૨૦ બોટલ દારૂસાથે બુટલેગરની ધરપકડ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

શહેરમાં દારૂ બિયરનું પુરુ જોશમાં વેચાણ ચાલતું હોવાની હકીકતના આધારે ગુના નિવારણ શાખાની ટીમ દ્વારા બુટલેગર પર બાજ નજર રાખવામાં આવતા ગઈકાલે મોરબી રોડ પર જઈ જવાન જય કિસાન સોસાયટીમાં ૧૨૦ બોટલ દારૂ સાથે બુટલેગરની ધરપકડ કરી હતી.

ગુન્હા નિવારણ શાખાના પીએસઆઈ એમ જે હુણ ની સૂચનાથી હેડ કોન્સ્ટેબલ કુલદીપ સિંહ તથા વિજયભાઈ મહેતા તથા યુવરાજસિંહ સહિતનો સ્ટાફ મોરબી રોડ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે ચોક્કસ બાતમીના આધારે




જય જવાન જય કિસાન સોસાયટીમાં રહેતા ભાવેશ મગન મકવાણા નામના બુટલેગરના મકાનમાં દરોડો પડતા વિદેશી દારૂની ૧૨૦ બોટલ મળી આવતા પોલીસે ભાવેશ મકવાણા ની ધરપકડ કરી રૂપિયા ૬૭,૦૦૦ નો મુદ્દામાલ કબજે કરી વધુ તપાસ હાથ ધરી છે.

# રાજકોટમાં મહિલાના ૩.૫૦ લાખનાં દાગીના પડાવી લેનાર દિલ્હીની ઠગ ટોળકી ઝડપાઈ

## રાજકોટમાં કળા કરી નાશી જતાં વડોદરા પોલીસે ઝડપી લીધાઃ એ ડીવીઝન પોલીસે કબ્જો મેળવ્યો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ શહેરના ભરચક એવા બજાર વિસ્તારના કળા કરવા માટે ઉતરી પડતી ટોળકીઓને ભોભીતર કરવા પોલીસે સઘન પેટ્રોલીંગ હાથ ધર્યુ છે. છતાં ગુનેગારો કળા કરીને જતા રહે છે. તેવો જ એક કિસ્સો ૨૬-૧૧ના રોજ બનવા પામ્યો હતો. જેમાં એક મહિલાને નિશાન બનાવી બે મહિલાની ઠગ ટોળકી ૩.૫૦ લાખના દાગીના સેરવીને નાશી છૂટી હતી. જે ટોળકી વડોદરા નાશી ગયેલ હોય ત્યાં પણ કળા કરવા જતાં વડોદરા પોલીસના હાથે ઝડપાઈ ગઈ હતી. પુછપરછમાં રાજકોટનો ગુનો ખુલતા એડીવીઝન પોલીસે દિલ્હીની ઠગ ટોળકીની ધરપકડ કરી તમામમુદ્દામાલ પણ કબ્જે કર્યો છે. જાણવા મળતી વિગતો મુજબ મુળ વડોદરાના વતની અને હાલ ૨૫-૧૧ના રોજ રાજકોટ પ્રસંગે આવેલા પલ્વીબેન કિરણભાઈ



વડોદરિયા નામની મહિલા તેના પતિ સાથે ધર્મેન્દ્ર રોડ ઉપર ખરીદી કરવા ગઈ હતી. ત્યારે તેની પાસે આવેલી બે મહિલાઓએ કાવતરુ રચી વધુ પૈસા હોવાથી ગણવાનું બહાનું કરી તેમને એક થેલી આપી હતી અને તેમના દાગીના ઉતરાવી લીધા હતાં. તે સમયે પલ્વીબેન તેની ભાન ભુલીચુક્યા હતાં તેનો લાભ ઉઠાવી ઠગ મહિલાઓ ૩.૫૦ લાખની કિંમતના દાગીના લઈ નાશીછુ ટી હતી. આ સમય દરમિયાન બે દિવસ પૂર્વે વડોદરાપોલીસના હાથે દિલ્હીની રૂહિ સીતારામ બાવરી, પુનમ સોનુ હારીમલ અને વિશાલ સયામલ બાવરી નામની ઠગ ટોળકી હાથ લાગી હતી. જેની પૂછપરછમાં વડોદરાના બે ગુના ખુલ્યા હતાં અને રાજકોટ ખાતે પણ પલ્વીબેન પાસેથી દાગીના તફડાવ્યા હોવાનું ખુલવા પામતા રાજકોટ પોલીસને જાણ કરી હતી. જેથી એ ડિવિઝન પોલીસની ટીમ ટ્રાન્સફર વોરન્ટના આધારે વડોદરા દોડી ગઈ હતી.

ત્યાંથી બે મહિલા સહિત ત્રણ શખ્સોની ઠગ ટોળકીનો કબ્જો મેળવી રાજકોટ ખાતે લાવી પુછપરછ કરાતા ગુનાની કબુલાત આપી હતી. પુછપરછ દરમિયાન તેના કબ્જામાંથી ચાર બંગડીઓ, સોનાનો ચેઈન અને પેન્ડલ સહિત ૩.૫૦ લાખનો મુદ્દામાલ કાઢી આપતા કબ્જે કરાયો હતો. આ ટોળકીએ પુછપરછમાં સુરત ખાતે બે ગુના અને વડોદરા ખાતે વધુ એક ગુનો કબુલ કર્યો હતો.

# ધોરાજીના ફરેણી ગામે દારૂનું કટીંગ થાય તે પહેલા એબસીબી ત્રાટકીઃ ૫૮૮ બોટલ કબ્જો

## બુટલેગર ફરારઃ રૂ.૬.૫૫ લાખનો મુદામાલ કબ્જે

**મુખ્ય સમાચાર,રાજકોટ**

ધોરાજીના ફરેણી ગામના બુટલેગર યુવરાજ શેખવા પર રૂરલ પોલીસે ધોંસ બોલાવી બે અલગ અલગ દરોડા પાડી દારૂની ૬૦૭ બોટલ મળી રૂ.૩.૫૫ લાખનો દારૂ સહિત કુલ રૂ.૬.૫૫ લાખનો મુદામાલ કબ્જે કરી નાસી છૂટવામાં સફળ રહેલાં યુવરાજ શેખવાની શોધખોળ હાથ ધરી હતી.

દરોડાની વિગત મુજબ, ધોરાજી તાલુકા પોલીસ મથકના હેડ કોન્સ્ટેબલ જગદિશ સુવાણ, વિજયસિંહ જાડેજા, દિવ્યરાજસિંહ પઢીયાર, કોન્સ્ટેબલ દિનેશ ગોંડલીયા સહિતનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો ત્યારે ફરેણી ગામ ગુંદાળા જવાના રસ્તે પહોચતા ફરેણી ગામના યુવરાજ બાલુ શેખવા નામના શખ્સે પોતાની વાડીમાં ઈંગ્લીશ દારૂ રાખી વેચાણ કરે છે તેવી ચોક્કસ બાતમીના આધારે સ્ટાફે યુવરાજ શેખવાની વાડીમાં દરોડો પાડતાં યુવરાજ શેખવા વાડીએ હાજર મળી આવેલ ન હતો.

બાદમાં પોલીસે વાડીમાં આવેલ ઓરડીની આજુબાજુમાં પડેલ બોક્સ ખોલી જોતા તેમાંથી અલગ અલગ બ્રાન્ડની દારૂની ૧૯ બોટલ મળી કુક રૂ.૧૧૨૦૦ નો મુદામાલ મળી આવતાં કબ્જે કરી નાસી છૂટેલા વાડી માલિક યુવરાજ શેખવાની શોધખોળ હાથ ધરી હતી.જ્યારે રૂરલ એલસીબી પીઆઈ વિ.વી.ઓડેદરાની રાહબરીમાં ટીમ પેટ્રોલિંગમાં હતી.

ત્યારે સાથેના હેડ કોન્સ્ટેબલ રાજુ સાંબડા, દિવ્યેશ સુવા, હરેશ પરમારને ધોરાજીના ફરેણી ગામનો યુવરાજ બાલુ શેખવા નામનો શખ્સ ફરેણી



ગામથી મોટાગુંદાળા ગામની સીમ તરફ જતા કાચા રસ્તે આવેલ ખુલ્લી જગ્યામાં કારમાં વિદેશી દારૂની પેટીઓની હેરફેર કરે છે તેવી મળેલ ચોક્કસ બાતમીના આધારે સ્ટાફે બાતમીના સ્થળે દરોડો પાડતા સ્થળ પરથી એક ફોર વ્હીલ ઈનોવા કાર નં.જી.જે.૧૮ એ.સી.૨૭૨૮ મળી આવેલ હતી. તેમજ ત્યાં કોઈ શખ્સ હાજર ન હતો.

પોલીસ સ્ટાફે કારની બાજુમા પડેલ અલગ અલગ બ્રાન્ડની ઈંગ્લીશ દારૂની પેટીઓ ચેક કરતાં તેમાંથી કુલ ૫૮૮ દારૂની બોટલ મળી આવતાં દારૂનો જથ્થો રૂ.૩.૪૩ લાખ અને કાર મળી કુલ રૂ.૬.૪૩ લાખનો મુદામાલ કબ્જે કરી દરોડા વખતે કાર રેઢી મૂકી નાસી છૂટેલા બુટલેગર યુવરાજ શેખવાની શોધખોળ હાથ ધરી હતી.

# માલવિયાનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં કૌબિંગ



શહેરમાં વધી રહેલી ગુનાખોરીને અંકુશમાં લેવા માટે પોલીસ તંત્ર સજ્જ થયું છે. તાજેતરમાં રાજ્યના ગૃહમંત્રી હર્ષ સંઘવીએ ગુનેગારોને સારીપેટે પાઠ ભણાવવાની અને શરમ નહીં રાખવાની વાત કરતા હવે જાણે પોલીસ તંત્રને છુટોદૌર મળ્યો હોય તેવું પલીત થઈ રહ્યુ છે. રાજકોટ શહેરમાં છરી વડે હુમલા, હત્યા જેવી ઘટનાઓ વધુ બનવા પામતા ગુનેગારોએ માથુ ઉંચક્યું હોય જેથી આવા ગુનેગારોને કાયદાનું ભાન કરાવવા માટે પોલીસ કમિશનર બ્રજેશ કુમાર ઝા, અધિક પોલીસ કમિશનર મહેન્દ્ર બગડિયા, નાયબ પોલીસ કમિશનર જગદીશ બાંગરવા તથા મદદનીશ પોલીસ કમિશનર બી.જે. ચૌધરી સહિતના અધિકારીઓની સુચનાથી ગત રાત્રીના સૌપ્રથમ માલવિયાનગર પોલીસ મથકનો વિસ્તાર હાથમાં લેવામાં આવ્યો હતો. આ વિસ્તારમાં દેશી દારૂ અને વિદેશી દારૂના ધંધા કરતા બુટલેગરો અને ટપોરીઓ પર તુટી પડવાના આદેશો આપવામાં આવ્યા હતાં. જેના આધારે પીઆઈ જે.આર. દેસાઈના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કેવોર્ડના પીએસઆઈ ગજેરા, માલવિયાનગર પોલીસ મથકનો તમામ સ્ટાફ આ ઉપરાંત એલસીબી ઝોન-૨ના પીએસઆઈ ઝાલા તથા તેમનો સ્ટાફ અને અન્ય પાંચ પોલીસ મથકનો સ્ટાફ માલવિયાનગર પોલીસ મથક હેઠળના વિસ્તારોમાં ઉતરી પડયો હતો અને કામ્બિંગ હાથ ધરવામાં આવ્યું હતું. જેનાથી ગુનેગારોમાં ભારે ફફડાટ મચી ગયો હતો. ૮ સ્થળે દેશી દારૂના હાટડાઓ ઝડપાયા હતાં. ત્યાંથી ૬૩ લીટર દારૂ કબ્જે કરવામાં આવ્યો હતો. જે ઉપરાંત એમવીએક્ટ ૧૮૫ના બેકેસ, પીધેલાના ૫ કેસ, પીજીએક્ટ ૧૪૨ના ૧ અને ૧૩૫નો એક, એમવી એક્ટ ૨૦૭નો ૧ અને એમ.વી. એક્ટ એનસી ૧૨ કેસ કરાયા હતાં. આમ દરોડા ઉપરાંત તમામ વાહનોની ચકાસણી પણ હાથ ધરવામાં આવી હતી. જેથી આવી રીતે અન્ય પોલીસ મથક હેઠળના વિસ્તારોમાં પણ કોમ્બિંગ હાથ ધરાશે તેવું પોલીસ સુત્રોએ જણાવ્યું હતું.

# માલીયાસણ અને સોમનાથ સોસાયટીમાં દારૂના જથ્થા સાથે બે બુટલેગર ઝડપાયા

## કારમાં ૨૦૦ લીટર દેશી દારૂની હેરાફેરી કરતો શખ્સ ઝબ્બે, ૧.૫૦ લાખનો મુદ્દામાલ જપ્ત

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટમાં પ્યાસીઓની પ્યાસબુઝાવવા બુટલેગરો મેદાને પડયયા છે. ત્યારે અવનવા કિમીયા કરી દારૂની હેરાફેરી કરતા બુટલેગરોને પોલીસ વિદેશી દારૂના જથ્થા સાથે ઝડપી લઈ પ્યાસીઓ સુધી દારૂ પહોંચાડવાના પ્રયાસો નિષ્ફળ બનાવી રહી છે ત્યારે રાજકોટમાં જુદા જુદા બે સ્થળે પોલીસે બાતમીના આધારે દરોડા પાડી ૪૨ બોટલ દારૂ સાથે બે શખ્સોને ઝડપી લીધા છે.

આ અંગે મળતી વિગત મુજબ શહેરની ભાગોળે આવેલા માલિયાસણ ગામે રહેતા દિનેશભાઈ મોહનભાઈ હરિયાણી નામનો શખ્સ પોતાના ઘરે વિદેશી દારૂનું વેચાણ કરતો હોવાની બાતમીના આધારે કુવાડવા રોડ પોલીસે દરોડો પાડી દિનેશ હરિયાણીને રૂા. ૧૦,૦૯૮ની કિંમતની ૧૮ બોટલ દારૂ સાથે ઝડપી



લીધો હતો.

પોલીસે દારૂ અને મોબાઈલ મળી રૂા. ૧૩,૦૯૮નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. બીજા દરોડામાં ભક્તિનગર પોલીસે કોઠારિયા મેઈન રોડ ૪૦ ફૂટ રોડ ઉપર ભવાનીચોક પાસે આવેલી મહેશ્વરી શેરી નં. ૨ માં રહેતા એજાઝ હારુનભાઈ આમદાણીના રહેણાક મકાન પર રેડ પાડી હતી. રેડ દરમિયાન એજાઝ આદમાણી રૂા. ૧૭,૬૭૦ની કિંમતની ૨૪ બોટલ દારૂ સાથે ઝડપાયો હતો.

આ ઉપરાંત રાજકોટમાં રણુજા મંદિર પાસે આવેલી સોમનાથ સોસાયટીમાં રહેતો કાનો રમેશભાઈ ગણાત્રા નામનો શખ્સ બારવણગામથી ખાટડી તરફ કારમાં દેશી દારૂ લઈને પસાર થઈ રહ્યો હોવાની બાતમીના આધારે એરપોર્ટ પોલીસે કાનાગણાત્રાની અટકાયત કરી કારની તલાશી લેતા કારમાંથી રૂા. ૪૦ હજારની કિંમતનો ૨૦૦ લીટર દેશી દારૂ મળી આવ્યો હતો. પોલીસે દારૂ, મોબાઈલ અને કાર મળી રૂા. ૧.૫૦ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. દારૂના જથ્થા સાથે ઝડપાયેલા શખ્સો વિરુદ્ધ પોલીસે ફરિયાદ દાખલ કરી તપાસનો દૌર લંબાવ્યો છે.

# વડ-વાજડીના મહંત યોગી ધરમનાથના આશ્રમમાંથી કબજે કરેલ ગાંજા અંગે ચાર માસ બાદ ગુનો નોંધાયો



**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટના મહિલા કોલેજ અંડર બ્રિજમાં ચાર માસ પૂર્વે આંતક મચાવનાર કહેવાતા મહંત યોગી ધરમનાથ ઉર્ફે જીજ્ઞોશ નવીનચંદ્ર ધામેલિયાના વાગુદળ જવાના રસ્તે વડ-વાજડી ગામની સીમમાં આવેલા આશ્રમમાં મળેલા બે છોડ ગાંજાના હોવાનો રીપોર્ટ આવતા આ મામલે મેટોડા પોલીસમાં મહંત સામે રૂ.૬૪૯૦૦ની કિમતનનો ૬ કિલો ૪૯૦ ગ્રામ ગાંજા અંગે ગુનો નોંધ્યો છે.

ચાર માસ પૂર્વે ગત તા ૩/૯/૨૦૨૪ના રોજ કાલાવડ રોડ ઉપર આતંક મચાવનાર કહેવાતા મહંત અને તેના કહેવાતા ત્રણ શિષ્યો વિરૂધ્ધ રાજકોટ એ ડીવીઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાયા બાદ ગ્રામ્ય એસઓજીના પી.આઈ પારગી અને પીએસઆઈ બી.સી.મિયાત્રા અને તેમની ટીમે મહંત યોગી ધરમનાથ ઉર્ફે જીજ્ઞોશ ધામેલિયાના વડ-વાજડી ગામની સીમમાં સરકારી ખરાબાની જમીનમાં દબાણ કરી બનાવી લીધેલા આશ્રમમાં એફએસએલ અધિકારી અને સરકારી પંચોને લઈને ગત તા ૪/૯/૨૦૨૪ના રોજ દરોડો પાડ્યો હતો જેમાં તપાસ કરતાં બે છોડ મળી આવ્યા હતાં. આ બંને છોડ ગાંજાના જ છે કેમ તે જાણવા માટે ગાંધીનગર એફએસએલમાં પૃથક્કરણ અર્થે મોકલાયેલ છોડ ગાંજાના હોવાનો રીપોર્ટ આવતા આ મામલે એનડીપીએસની કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. એસઓજીએ જે તે વખતે રૂ.૬૪૯૦૦ની કીમતનો ૬ કિલો ૪૯૦ ગ્રામ ગાંજો કબજે કર્યો હતો.

# રાજકોટમાં ચાર સ્થળે જુગારના દરોડાઃ સાત જુગારીઓની ધરપકડ



રાજકોટમાં જુદા જુદા ચાર સ્થળે જુગાર રમાતો હોવાની બાતમીના આધારે પોલીસે દરોડા પાડ્યા હતાં. દરોડા દરમિયાન જુગાર રમતા ૭ શકુનીને ૧૬,૩૦૦ની રકમ સાથે લીધા આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ રાજકોટમાં આજીડેમ ચોકડી પાસે માંડા ડુંગર વિસ્તારમાં આવેલ જય અંબે ઉદ્યોગનગરમાં જાહેરમાં જુગાર રમાતો હોવાની બાતમીના આધારે આજીડેમ પોલીસે દરોડો પાડ્યો હતો. દરોડા દરમિયાન જાહેરમાં જુગાર રમતા ઈરફાન તૈયબભાઈ કોઠા (રહે. બરકતીનગર ખાડામાં, ગોંડલ રોડ રાજકોટ), પિયુષ હિંમતભાઈ સચદેવ (રહે. લક્ષ્મીવાડી રાજકોટ) અને મેહુલગીરી ચંદુગીરી મેઘનાથી (રહે. ખોડિયારનગર મેઈન રોડ આશાપુરા મંદિરની બાજુમાં ગોંડલ રોડ રાજકોટ)ને રૂ. ૭,૪૦૦ની રોકડ સાથે ઝડપી લીધા હતાં. જ્યારે આજીડેમ પોલીસે સાંઈબાબા સર્કલ પાસે મોબાઈલમાં લુડ એપ્લિકેશન મારફતે હારજીતનો જુગાર રમતા ગોપાલ રમેશભાઈ હિરપરા અને દિવ્યેશ સાવલિયાને ઝડપી લીધા હતાં. પોલીસે મોબાઈલ અને રોકડ મળી રૂા. ૭,૨૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. બી ડિવિજન પોલીસે સંતકબીર રોડ ઉપર જાહેરમાં મોબાઈલ ફોનમાં વરલી ફિચરના આંકડાનો જુગાર રમતા પ્રકાશ અનિલભાઈ સિપરિયા (રહે. ભગીરથ સોસાયટી સંતકબીર રોડ રાજકોટ)ને ઝડપી લીધો હતો. અને તેની પાસે રહેલ રૂ. ૧૩૦૦નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. તેમજ આજીડેમ પોલીસે લાપાસરી રોડ ઉપર વેલનાથપરામાં વરલી ફિચરના આંકડા રમતા રવિ બચુભાઈ અઘોલાને રૂ. ૪૦૦ની રોકડ સાથે ઝડપી લીધો હતો. જુગાર રમતા ઝડપાયેલા આરોપીઓ વિરુદ્ધ પોલીસે ગુના દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# શાપરના પડવલા હાઉસ પાસે બાઈક લઈ નીકળેલા યુવાનનું અજાણ્યા વાહનની ઠોકરે મોત



જામકંડોરણાના બોરીયા ગામે રહેતો યુવાન ગત.તા.૬ના કારખાનાનું બાઈક લઈ શાપર પાડીયે જતો હતો ત્યારે પડવલા પાવર હાઉસ પાસે અજાણ્યા વાહને ઠોકર લેતા યુવકને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચતા જ ઘટના સ્થળે મોત નિપજયું હતું બનાવ અંગેની પોલીસે નોંધ કરી મૃતક યુવકના પિતાની ફરિયાદ પરથી અજાણ્યા વાહન ચાલક સામે ગુનોં નોંધી વધુ તપાસ હાથ ધરી છે. મૂળ પતાપર ગામના વતની હાલ જામકંડોરણાના બોરીયા ગામે રહેતા આણંદભાઈ ઉકાભાઈ ગુજરીયાએ શાપર પોલીસમાં ઋ૬ઉં ૦૩ ક઼ઉ ૧૬૨૦ નંબરના ચાલક સામે ફરિયાદ નોંધાવી છે જેમાં ગત.તા.૬ના મારા પુત્ર સુરેશનો મિત્ર અલ્કેશનો ફોન આવ્યો અને કહ્યું કે સુરેશ કારખાનાનું બાઈક લઈ શાપર પાડીયે જતો હતો તે દરમ્યાન પડવલા પાવર હાઉસ પાસે ઉપરોક્ત નંબરના વાહન ચાલકે ઠોકરે લેતા માથાના ભાગે ગંભીર ઈજા પહોંચતા ઘટના સ્થળે જ મોત નિપજાવી નાશી છુટયાની ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ભાભી પાસે દિયરે બીભત્સ માંગ કર્યાની રાવ પતિને કરતા મારકુટ કરી ઘરમાંથી કાઢી મુકી



યુનિ.રોડ પરના વિસ્તારમાં હાલમાં માવતરે રહેતી પરીણીતાએ કાલાવડ રોડ પર રહેતા પતિ અને દીયરએ બીભત્સ માંગણી કરી હેરાન કરી ઘરમાંથી કાઢી મુક્યાની ફરીયાદ નોધાવતા પોલીસે બન્ને સામે ગુનો નોધી શોધખોળ હાથ ધરી છે. હાલમાં યુનિ. રોડ પરના વિસ્તારમાં રહેતી પરીણીતાએ કાલાવડરોડ પર જાનકી પાર્કમાં રહેતા પતિ હીતેષ ટીકમભાઈ માંડલીયા અને દીયર નિલેષ ટીકમભાઈ માંડલીયા વિરુધ્ધ માલવીયાનગર પોલીસમાં બીભત્સ માંગણી કર્યા બાદ મારકુટ કરી ઘરમાંથી કાઢી મુક્યાની ફરીયાદ નોધાવતા પોલીસે બન્ને સામે ગુનો નોંધ્યો છે. પરીણીતા સાસરે સંયુકત કુટુંબમાં રહેતી હતી.અને લગ્નજીવન દરમ્યાન બે સંતાનની પ્રાપ્તિ થઈ હતી.લગ્નના દોઢેક વર્ષ પછી પતિ હીતેષ દ્વારા શારીરીક માનસીક ત્રાસ આપવામાં આવતો હતો. અને ઘર સંસાર તુટે નહી તે માટેથી પરીણીતા પતિ હીતેષની હેરાનગતિ સહન કરતીહતી.અને ત્રણેક વર્ષથી પરીણીતા તેના ઘરમાં ઉપરના માળે એકલી રહેતી હતી. ત્યારે દીયર નિલેષ દ્વારા બીભત્સ માંગણી કરી ત્રાસ આપતો હોવા છતાં પરીણીતા સહન કરતી હતી. બાદમાં આ અંગે પતિ હીતેષને વાત કરતા તે ઉશકેરાયો હતો. અને બન્નેભાઈઓએ મારકુટ કરી વધુ હેરાન કરવાનુ શરૂ કર્યુ બાદમાં માવતરને વાત કરીહતી. આથી પતિ હીતેષ અને દીયર નિલેષ ઉશકેરાયા હતા. અને પરીણીતાને ઘરમાંથી કાઢી મુકી હતી.અને મામલે પોલીસે ગુનોં નોંધી બે ભાઈઓની શોધખોળ હાથ ધરી છે.

# વિરપુરના ચરખડી પાસે ટ્રેક્ટરે એક્ટિવાને ઠોકરે ચડાવતા આશાવર્કર મહિલાનું મોત

**મુખ્ય સમાચાર,રાજકોટ**

વીરપુર પાસેના ચરખડી ગામ નજીક આવેલ પાણીના ટાંકા પાસે એક્ટિવા અને ટ્રેકટર વચ્ચે ગમખ્વાર અકસ્માતની ઘટના સામે આવી છે જેમાં જેતપુર આંગણવાડીમાં ફરજ બજાવતી મહિલાનું મોત નીપજ્યું હતું અને ટ્રેક્ટર ચાલકને ઈજા થવા પામી હતી.રેતી ભરેલ ટ્રેકટર અકસ્માત બાદ પલ્ટી જવા પામ્યું હતું.

પોલિયો રવિવાર હોવાથી આંગણવાડીમાં આશાવર્કર તરીકે ફરજ બજાવતા ૫૦ વર્ષીય સલમાબેન માડકીયા ધોરાજી રોડ પર ચામુંડા નગરમાં આવેલ આંગણવાડીમાં એક્ટિવા લઈ ફરજ પર જઈ રહ્યા હતા ત્યારે સવારે નવ વાગ્યાની આસપાસ રેતી ભરેલ ટ્રેક્ટર અને એક્ટિવા વચ્ચે અકસ્માત સર્જાયો હતો ટ્રેકટર પાછળની ટ્રોલીએ એક્ટિવાને હડફેટે લીધું હતું જ્યારે અકસ્માત બાદ રેતી ભરેલ ટ્રેકટર પલ્ટી મારી ગયુ હતું. અકસ્માતના કારણે મહિલાનું ઘટના



સ્થળેજ મોત નીપજ્યું જયારે ટ્રેકટર ચાલક મોહનભાઈ ભૂરાભાઈ મારવાડીને ઈજા થવા પામી છે. અકસ્માત બાદ ઈજાગ્રસ્ત અને મૃતક મહિલાને વીરપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

મૃતક સલમાબેનના પરિવારમાં તેઓ પતિ પત્ની જ હતા પત્નીનું મોત થતા ખેત મજૂરી કરતા પતિ ભાંગી પડયા હતા પરિવારમાં ભારે શોકની લાગણી પ્રસરી જવા પામી હતી. હાલ આ અકસ્માતની સમગ્ર મામલે ગોંડલ તાલુકા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# પેટ્રોલ પંપના માલિકને આંતરી છરીની અણીએ લૂંટીલેનાર કર્મચારી સહિત ચારની ધરપકડ

- આર્થિક ફાયદો મેળવવા અગાઉથી લૂંટનો પ્લાન ઘડયો હોવાની કબુલાતઃ શાપર પોલીસે તમામ મુદામાલ રીકવર કરી ગુનાનો ભેદ ઉકેલ્યો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

નેશનલ હાઈવે રોડ પેટ્રોલ પંપ ધરાવતા આધેડને તેના જ કર્મચારી સહિત ચાર શખસોઓ રસ્તામાં આંતરી છરીની અણીએ રૂ.૧.૬૦ લાખની લૂંટ કરી નાશી છુટયાની શાપર પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે વિવિધ ટીમો બનાવી તપાસ હાથ ધરી હતી દરમ્યાન બાતમી આધારે ચાર શખસોએ તમામ મુદામાલ સાથે ઝડપી લઈ ગુનાનો ભેદ ઉકેલી નાખ્યો છે.

કાંગશીયાળી ગામે સીમ એટલાન્ટીસ એપાર્ટમેન્ટમાં રહેતા અને નેશનલ હાઈવે રોડ પર ઓમ પેટ્રો હબના નામે પેટ્રોલ પંપ ધરાવતા હર્ષદભાઈ હરિભાઈ કાલરિયાએ શાપર પોલીસમાં તેને આંતરી ત્રણ શખસોએ રૂ.૧.૬૦ લાખની લૂંટ ચલાવી હોવાની ફરિયાદ નોંધાવી હતી. જેમાં ગત.તા.૭ના પેટ્રોલ પંપે પેટ્રોલ-ડીઝલ વેચાણના રૂપિયા રૂ.૧.૫ લાખ થેલામાં રાખી તે થેલો તેની પાસે રહેલ એકટીવાની ડેકીમાં રાખી ઘરે જવા નીકળ્યો હતો અને શ્રીજી હાઈટસ બિલ્ડીંગ પાસે પહોંચ્યો તે દરમ્યાન એક બાઈકમાં ત્રણ શખસો આવ્યા અને મારા એકટીવા આડે તેનું બાઈક રાખી ત્રણ શખસો મારી સામે આવી ગયા અને એક શખસે પોતાના નેફા રહેલ છરી કાઢી બીજાને છરી મારી તેવી ધમકી આપી હતી અને પેટ્રોલ પંપના માલિકનું એકટીવા સહિત કુલ રૂ.૧.૬૦ લાખની લૂંટ કરી નાશી છુટયા હોવાની ફરિયાદ નોંધાવતા હેડકોન્સટેબલ એમ.એમ.ડાભીએ ગુનો નોંધી વધુ તપાસ પીઆઈ આર. બી.રાણા સહિતની ટીમે હાથ ધરી હતી. દરમ્યાન પોલીસે બાતમી આધારે કર્મચારી રાહીલ હમીરભાઈ નારેજા શાહરૂખ અકબરઅલી અન્સારી, તથા બે બાળ કિશોરોને ઝડપી લઈ રૂ.૧.૬૦ લાખનો મુદામાલ રીકવર કરી લૂંટના ગુનાનો ભેદ ઉકેલી નાખ્યો છે.

પ્રાથમિક તપાસમાં આર્થિક ફાયદો મેળવવા અગાઉથી જ કર્મચારી સહિત ચાર શખસોએ લૂંટનો પ્લાન ઘડયો હોવાની કબુલાત આપી હતી.